Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

देवं श्रेणिकवत्प्रपूजय गुरुं वंदस्व गोविंदवत् ।
दानं शील तपः प्रसंगसुभगां चाभ्यस्य सद्भावनां ॥
श्रेयांसश्च सुदर्शनश्च भगवानाद्यः स चक्री यथा ।
धर्म्ये कर्मणि कामदेववदहो चेतश्चिरं स्थापय ॥ १ ॥

પુસ્તક ૩૪ મું. ] ભાદ્રપદ. સંવત ૧૯૭૪. વીર સંવત ૨૪૪૪. [ અંક ૬ ઠ્ઠો.

## श्री जिन पंचक स्तवन.

( રાગ—પ્રભાતી. )

પંચ પરમેશ્વરા, પરમ અલવેસરા, વિશ્વ વાલેસરા, વિશ્વવ્યાપી;
ભક્તિવત્સલ પ્રભુ, ભક્તજન ઉદ્ધરી, મુક્તિપદ જે વર્યા કર્મ કાપી. પંચ૦ ૧
વૃષભ અંકિત પ્રભુ, રૂષભ જિન વંદિયે, નાભી મરૂદેવીનો નંદ નીકો[1];
ભરત ને બ્રાહ્મીના તાત અવની તળે, મોહ મદ ગંજણો મુક્તિ ટીકો. પંચ૦ ૨
શાન્તિપદ આપવા, શાન્તિપદ થાપવા, અદ્ભુત કાન્તિ પ્રભુ શાન્તિ સાચો;
મૃગાંક[2] પારાપત[3] સેનથી[4] ઉદ્ધરી, જગતપતિ જે થયો જગત જાચો. પંચ૦ ૩
નેમિ બાવીશમા, શંખલંછન નમું, સમુદ્રવિજય અંગજ[5] અનંગ[6] જીતી;
રાજકન્યા તજી, સાધુ મારગ ભજી, જીત જેણે કરી જગ વિદીતી[7]. પંચ૦ ૪
પાસ જિનરાજ અશ્વસેન કુળ ઉપન્યો, જનની વામાતણો જેહ જાયો;
આજ ખેટકપુરે[8] કાજ સિધ્યાં સવે, ભીડભંજન પ્રભુ જે કહાયો. પંચ૦ ૫
વીર મહાવીર સવિ વીર શિરોમણિ, રણવટ મોહભટ માન મોડી;
મુક્તિગઢ ગ્રાસિઓ જગત ઉપાસિઓ, તેહ નિત્ય વંદિયે હાથ જોડી. પંચ૦ ૬
માત ને તાત અવદાત[9] એ જિનતણાં, ગામ ને ગોત્ર પ્રભુ નામ સુણતાં;
ઉદયવાચક વદે ઉદયપદ પામિયેં, ભાવે જિનરાજની કીર્તિ ભણતાં. પંચ૦ ૭

---

૧ ઉત્તમ-પ્રધાન. ૨ હરિણલંછન. ૩ પારેવો. ૪ સીંચાણો. ૫ પુત્ર. ૬ કામ. ૭ જગત્ પ્રસિદ્ધ. ૮ ખેડા શહેરમાં. ૯ ચરિત્ર.

For Private And Personal Use Only

# खरो आनंद क्यां छे ?

( લેખક—રા. ' પ્રેમી ' )[1]

હરિગીત.

આનંદ માન્યો જીવનના સૃષ્ટિતણા વ્યવહારમાં,
તો ત્યાં રહ્યો બળતો સદા ઉપાધિના અંગારમાં.
માતા-પિતાના પ્રેમમાં આનંદ કાંઇ ધર્યો હતો,
છોડી જતાં માતા-પિતા દુઃખી દિલે આજે થતો.
કહેતો કહે ' સ્ત્રી વિણ આ સંસાર ખારો ઝેર છે, '
અનુભવથકીજ જણાયું કે આનંદ એ સુખવેર[2] છે.
સંતાન, બંધુ, મિત્રના સહવાસમાં આનંદ છે ?
ના, ના, અરે ! એ તો મનુષ્ય સ્વભાવનો એક છંદ છે.
રાજા-અમલદારીમહીં આનંદ કાંઇ અધિકો હશે ?
દૃષ્ટાંત પડતાં દૃષ્ટ એ સુખ અલ્પ પણ વીતી જશે.
લક્ષ્મીતણાં સ્વામી થતાં ધાર્યોજ આનંદ આવશે,
હાથે કદી તાળી જતાં લક્ષ્મી અલિપ્ત રહાવશે.
બાગ-બગીચા ને બંગલા આનંદ આકરમાંહિ છે ?
ખાતાં પચે એ નષ્ટ જીવવું પણ વૃથા સહુ થાય છે.
છોડી જતાં ઘરબાર શું આનંદ પૂરો આવતો ?
ઓચિંતી અરે જીવતકલહ ઉઠતો હૃદયને બાળતો.
જ્યાં જ્યાં જઉં ત્યાં ત્યાં દિસે આવરણજ એ આનંદમાં,
' પ્રેમી ' ખરો આનંદ છે એકજ સચ્ચિદાનંદમાં.

---

# नवी कांति सुलभ केम थई शके ?

... ... અંતઃકરણમાં મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થતા એ ચાર સદ્-
... ... રહે છે તેમને ચિન્તામણિ રત્ન સમાન સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર
... ... ની પ્રાપ્તિ સુલભ્ય છે. મિથ્યાત્વ, અજ્ઞાન અને મોહ મમતાને વશ
... ... ઉક્ત ભાવનાથી વેગળા રહે છે અને રાગ દ્વેષ કષાયને વારંવાર સેવીને
... ... ના બંધનોથી જકડાઈ ભારે દુઃખી થયા કરે છે. તેવાં ભયંકર બંધનોથી
... ... ભગીરથ પ્રયત્ન કરવાની જરૂર છે. અનાદિ મલીન સંસ્કારોને ભુંસી

---

1 ' સાહિત્ય ' ... 2 સુખનો શત્રુ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાંખી સારા–ઉજ્વલ સંસ્કારો મન ઉપર મજબુતીથી બેસાડવા એ સુલભ નથી. દૃઢ પ્રયત્નથી સદ્ અભ્યાસનું વારંવાર સેવન કરવાથીજ તેમ થઇ શકે છે. જ્યાં સુધી પોતે પોતાનેજ ખરા સ્વરૂપમાં ઓળખી શકે નહિ, ઓળખવા પ્રયત્ન કરે નહિ, મર્કટ ચાલ તજે નહિ અને અહીં તહીં હરાયા ઢોરની જેમ લોભ લાલચવશ ભટકયા કરે ત્યાં સુધી વિવેકશુન્ય આત્મા **બહિર્ આત્મા** કહેવાય છે. જ્યારે કર્મવશ કુટાતાં પીટાતાં અને અનેક પ્રકારનાં દુઃખો સહન કરતાં કરતાં ઉંચો ચઢતો જાય છે અને જ્યારે સ્વાભાવિક રીતે તથાપ્રકારની યોગ્યતા પામીને અથવા કોઇ જ્ઞાની ગુરૂની કૃપા પામીને તેનામાં વિવેકકળા પ્રગટે છે ત્યારે તે **અંતર્ આત્મા** કહેવાય છે. એટલે એ આત્મા હિતાહિત, કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય, ગમ્યાગમ્ય અને ગુણ દોષને વિવેકવડે સમજી શકે છે અને એ વિવેકકળા ખીલતી જાય છે તેમ તેમ તેના સુંદર ફળ–પરિણામરૂપે તે સદાચારપરાયણ બનતો જાય છે. પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરવા ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષાદિક સદ્ગુણોનું સેવન સદ્ભાવથી કરતો જાય છે. આવા શુભ અભ્યાસના બળથી તે છેવટે ઉત્તમ ગુણશ્રેણિ ઉપર આરૂઢ થઇ પરમાત્મ દશાને પ્રાપ્ત કરી સિદ્ધ બુદ્ધ મુક્ત થઇ પરમપદને પામે છે. ( સ. ક. વિ. )

# उपदेश सप्ततिका–भाषा अनुवाद.

( ટીકાના આધારે તૈયાર કરી લખનાર સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી. )

૧ સમસ્ત સુખના મૂળ કારણરૂપ સર્વ તીર્થંકરોના ચરણકમળને નમન કરીને મંદ બુદ્ધિવાળો એવો પણ હું ( ક્ષેમરાજ મુનિ ) જેથી સુકૃત કરણીમાં પ્રવેશ થાય એવો હિતોપદેશ કહું છું તે હે ભવ્યજનો ! તમે શ્રવણ કરો.

૨ વિશાળ ( અન્ય સર્વ કરતાં ચઢીયાતા ) સર્વજ્ઞ શાસનનો આશ્રય કરવો, સદાય સુશીલતા રાખવી અને કોઇને કદાપિ કૂડું આળ ન દેવું. એમ કરવાથી ભવદુઃખ–સંસાર જાળને છેદી સુખી થઇ શકાશે.

૩ કદાપી પરાયાં છિદ્ર (દોષ) જોવાં નહિ, રૌદ્ર–ભયંકર એવાં પાપકર્મ કરવાં નહિ, અને એક ક્ષુદ્ર–હલકામાં હલકા દોષવાળા પ્રાણીને પણ મિત્ર તુલ્ય ગણવો કે જેથી જીવ ! ત્હારૂં ભદ્ર–કલ્યાણ થઇ શકે.

૪ હજારો વ્યાધિઓના સ્થાનરૂપ (આ) દેહ, અનેક પ્રકારના રોગ અને શોકવડે જ્યાંસુધી લેપાય–પીડાય નહિ ત્યાંસુધી અહો બુદ્ધિવંતજનો ! તમે ધર્મપંથમાં વિચરો અને દિવસોને વ્યર્થ ગમાવી ન દ્યો.

૫ જ્યારે શરીરમાં કોઇ પણ વ્યાધિ ઉદય પામે–રોગોત્પત્તિ થાય ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્તની સ્વસ્થતા વગર ધર્મબુદ્ધિ શી રીતે ટકે ? અને દુઃખ માત્રનો અંત શી રીતે આવે ?

૬ વૈરાગ્ય પામેલા આત્માને સદા સુખ હોય છે અને વિષયરાગથી રંગાયેલા આત્માને અત્યંત દુઃખ હોય છે. એવી રીતે પરમતત્ત્વ–પદાર્થ સમજીને વૈરાગ્ય-માર્ગમાં ચિત્તને સ્થાપન કરો.

૭ જે કોઇ બહુવિધ પરિગ્રહ અને આરંભનું સેવન કરે છે, અન્યના સુવર્ણ-રૂપાદિક દ્રવ્યનું હરણ કરે છે અને સર્વજ્ઞ–વીતરાગઉક્ત ધર્મનું સારી રીતે આચરણ કરતા નથી તે ભવસાયરને શી રીતે તરી શકે ?

૮ જિનેશ્વરદેવની આજ્ઞાને જેઓ મસ્તક ઉપર ધારે છે–પ્રમાણ કરે છે, ઘોર ઉપસર્ગોને સહન કરે છે, અને ધર્મના માર્ગને સ્પષ્ટ બતાવે છે તે નિશ્ચે સંસારનો પાર પામે છે.

૯ અસત્ય ભાષણ ન જ કરવું, વિષયસુખની લાલસા ન જ કરવી, પરની આશાનો ભંગ ન જ કરવો–એ રીતે વર્તતાં ધર્મ અને કીર્ત્તિ પ્રગટ પ્રાપ્ત થાય.

૧૦ ચોતરફ પ્રસરેલા અને અતિ દુર્વાર એવા અપાર મિથ્યાત્વ મહાન્ધકાર છતાં જે શુદ્ધ ધર્મથકી ચલાયમાન નથી થતા તે ત્રિભુવનમાં પ્રશંસાપાત્ર થાય છે.

૧૧ જે પાપમતિ અસાર સંસારસુખને અર્થે પાપકાર્યમાં રાચે છે તે પોતાના આત્માને ક્લેશમાં નાંખે છે. તેને સ્વર્ગ અને મોક્ષનાં સુખ ક્યાંથી હોય ?

૧૨ નરેન્દ્ર અને દેવેન્દ્રવડે પૂજીત એવા જિનેશ્વરની દ્રવ્યભાવથી પૂજા કરનાર શુભ કર્મ (પુન્ય) નો સંચય કરે છે, તેમજ મિથ્યાત્વમોહનો અંત કરે છે.

૧૩ નરકવિષે આકરાં દુઃખ સહન કરી (ક્વચિત્) પંચેન્દ્રિયપણું પામીને જે પ્રમાદાચરણવડે કાળ ગુમાવે છે તે મહામોહજાળમાંથી શી રીતે છુટી શકે ?

## સાધુ અને શ્રાવક યોગ્ય મનોરથ.

૧૪ તપ ઉપધાનાદિક કરણી કરવાપૂર્વક અને (વાંચના અવસરે) ગુરૂ મહારાજને વંદન કરવાપૂર્વક સૂત્ર અને અર્થને મધુર સ્વરવડે અતિ ભારે આદરથી હું ક્યારે પઠન કરીશ ?

૧૫ આઠ કર્મરૂપી વ્યાધિને હરવા ઔષધિ સમાન સામાયિકાદિ ષડ્ આવશ્યક અને પૌષધ વિનયાદિ સર્વ ધર્મકરણી શાસ્ત્રોક્ત વિધાન (વિધિ) પૂર્વક ક્યારે હું વિશેષ બહુમાન સહિત આચરીશ ?

૧૬ વળી ક્યારે હું ગુરૂમહારાજની આજ્ઞા મસ્તકે વહન કરીશ ? સૂત્ર અને અર્થ સંબંધી વિશાળ શિક્ષા ક્યારે હું ગ્રહણ કરીશ ? સકળ ક્રોધ અને વિરોધને ક્યારે તજીશ ? અને મૃદુતાને ક્યારે ધારણ કરીશ ?

૧૭ સુખદાયક સમકિત મૂળ પાંચ અણુવ્રતોને હું ક્યારે ધારીશ ? અને ત્યાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાદ કાયર જનોએ પાળવા અતિ કઠીન એવા પાંચ મહાવ્રતોનો ભાર હું ક્યારે વહન કરીશ ?

૧૮ એવી રીતે મોક્ષમાર્ગમાં વહેતા રથ જેવા ધર્મના મનોરથ કરતા અને જીવાજીવાદિક તત્ત્વમાં કુશળ એવા સુશ્રાવકો અથવા સાધુજનો પુન્ય ઉપાર્જન કરે છે–કરી શકે છે.

## ઉત્સૂત્ર પ્રરૂપણાથી થતો મહા દોષનો સંભવ અને આજ્ઞારાધનથી થતી સુખસિદ્ધિ.

૧૯ ગમે તેવી ભારે કષ્ટ કરણી કરનારા હોય, પરંતુ જો તેઓ સિદ્ધાન્ત-વિરૂદ્ધ ભાષણ કરતા હોય તો તેમને શાસ્ત્રમાં સ્વચ્છંદચારી કહ્યા છે. તેમનું મુખ જોવાની ઇચ્છા પણ અત્યંત પાપકારી છે.

૨૦ જિનેશ્વર દેવની આજ્ઞાનું અતિક્રમણ–ઉલ્લંઘન કરીને જે તીવ્ર–અતિ આકરાં તપ કરે છે, જ્ઞાન ભણે છે તેમજ દાન દેય છે તે સઘળું તેમનું કરેલું અપ્રમાણ–અફળ–નકામું–કલેશરૂપ છે.

૨૧ જે મહાનુભાવો જિનેશ્વર દેવની આજ્ઞા પાળવામાં સદાય રક્ત–ઉજમાળ રહે છે, તેમના મનમાં કદાપિ પાપબુદ્ધિ જાગતી નથી. તપ વગર પણ તેમની વિશુદ્ધિ અને કર્મક્ષયવડે સિદ્ધિ થાય છે.

૨૨ સદ્ગુણના સાગર એવા બહુશ્રુત ( ગીતાર્થ ) ગુરૂનું શરણ પામી, સદાય તેમને પરમાર્થ પૂછી, મોક્ષમાર્ગને તથા ધર્મને યથાર્થ જાણી શ્રાવકે આત્માને યોગ્ય આચરણ કરવું.

૨૩ અગીતાર્થ ( અલ્પશ્રુત ) નું સેવન કરવાવડે, અરે જીવ ! તું હારૂં ભદ્ર–કલ્યાણ નિશ્ચે ન સમજ. એથી તો તું અતિઘોર દુ:ખદાયી સંસારમાં રખડીશ અને કયારે પણ મોક્ષ પામીશ નહિ.

૨૪ કુમાર્ગ ( અન્યાય ) સંસર્ગમાં બુદ્ધિ લાગવાથી જે મુગ્ધમતિ બુઝતો નથી, તેને ( તેના જીવિતને ) ધિક્કાર છે. જેણે લોકપ્રવાહ ( અન્યાય માર્ગ ) આદર્યો છે તેનેજ આ પરમ અલાભ ( હાનિ ) છે. પ્રતિશ્રોત ( શાસ્ત્ર–સિદ્ધાન્ત સંમત ન્યાય ) માર્ગ આદરવો એ તો અતિ દુષ્કર જ છે.

૨૫ સર્વ જીવસમૂહની આત્મસમાન રક્ષા કરીને, સમ્યક્ત્વ અને મિથ્યાત્વને સારી રીતે પરખીને, અને સિદ્ધાન્તરહસ્યને સારી રીતે અભ્યસીને સાધુજ જગતમાં ખરેખર સુખી થાય છે.

૨૬ આ ( પ્રત્યક્ષ અનર્થકારી ) ક્રોધાદિક કષાયો જ્યારે તજાય છે ત્યારેજ ચિત્તગત વિષાદ ( ખેદ ) ટળે છે, અને ચિત્ત પ્રશાન્તભાવને પામે છે; અને ત્યારેજ ધર્મમાર્ગમાં સ્થિરતા થવા પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[illegible] અને અનેક પ્રકારનું ધાન્ય તથા આ સઘળું કુટુંબ ખરેખર અસાર [illegible] છે. અહો ભવ્યાત્મા! તું સદાય ધર્મ સાધન કર કે જેથી શીઘ્ર સકળ [illegible] પામી શકાય.

૨૮ [illegible] એવાં વિષયસુખમાં આસક્ત થયો છતો જે મુગ્ધ જીવ મિથ્યા- [illegible] છે તે ચંદનને રાખ માટે બાળી નાંખે છે અને ચિન્તામણિ રત્નને [illegible] માટે ગુમાવી દેય છે.

"વિશુદ્ધ એવો શ્રાવકનો આચાર"

૨૯ જિનેશ્વર દેવની પૂજા, સદ્ગુરુની સેવા, ધર્મશાસ્ત્રનું શ્રવણ, તેની વિચારણા, બાહ્ય અભ્યંતર તપનું સેવન, તથા સત્ક્ષેત્રમાં દાન આપવું અને અપાવવું એ [illegible] શ્રાવકોને પુષ્કળ પુન્ય ઉપાર્જન માટે થાય છે.

૩૦ અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એવા ક્રોધ, માન, માયા અને લોભ એ સોળ પ્રકારના કષાય ખરેખર પ્રગટ પિશાચરૂપ છે. તે [illegible] આત્માને છળે છે અને ભારે દુઃખ ઉપજાવે છે.

૩૧ જેથી જીવની લઘુતા—હલકાઇ થવા પામે એવાં પરનાં મર્મ કદાપિ રાગ-દ્વેષ વશ ઉઘાડવાં જ નહિ, અને પરાયા દોષમાં મન દેવું નહિ—દોષ તરફ દૃષ્ટિજ [illegible] નહિ. એ રીતે બુદ્ધિશાળી મનુષ્ય ધર્મની ધુરાને ધારણ કરે છે.

૩૨ જિનેશ્વર દેવ, સિદ્ધભગવાન, આચાર્ય, ઉપાધ્યાય, ચિત્તને સમાધિ [illegible] જિનપ્રતિમા, ચતુર્વિધ સંઘ, ક્ષમાદિક દશવિધ યતિધર્મ, ધર્મમાર્ગ-[illegible] ગુરુ, શ્રુતજ્ઞાન, અને સમ્યક્ત્વ એ દશનો વિનય કરવો.

"[illegible]"

૩૩ પાપને પુષ્ટિ આપે એવો તીવ્ર [illegible] મનમાં લગાર ( લેશમાત્ર ) પણ [illegible] નહિ. કેમકે તેથી પુન્યજળ [illegible] જાય છે—પુન્યનો લોપ થાય છે અને સ્વપર [illegible] પણ સુખ—શાન્તિ [illegible] જ નથી.

૩૪ મહામુનિઓએ પણ ધિક્કારવા લાયક શત્રુ જેવો મદ—અહંકાર મનમાં [illegible] પણ આણવો નહિ. કેમકે એથી જ્ઞાની પણ અજ્ઞાની જેવો બની જઇ, ધર્મ-[illegible] વિવેક ભૂલી જાય છે-અધર્મને ધર્મ અને ધર્મને અધર્મ લેખી, સ્વચ્છંદ-[illegible], સ્વપરની ભારે ખુવારી નિપજાવતાં લગારે ડર ખાતો નથી.

૩૫ મુમુક્ષુ જનોના મનમાં સ્થાન ન પામી શકે એવી દુષ્ટ માયાનો કાયમ [illegible] કરવો; કેમકે એ માયા ઓરમાન માતાની પેરે સમસ્ત લોકોને દુઃખ—[illegible] ઉપજાવનારી થઇ પડે છે.

[illegible] કે આત્માર્થી જનોએ માયા તજ કરવી—સરલતા રાખી આત્મસાધન [illegible] તત્પર રહેવું. સંપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી સંઘજોગ જરૂરી સૂચના.

( એકાન્ત હિતબુદ્ધિથી લખી તૈયાર કરનાર સ૦ કર્પૂરવિજયજી—પાટણ. )

૧ લાયકાત અનુસારે આચાર્ય, પંન્યાસ પ્રમુખ પદ્વીપ્રદાન થવું જોઇએ, અન્યથા તે કાગડાની કોટમાં રત્નમાળા નાંખવા જેવું અર્થવગરનું કે અનર્થકારી બને છે. સામાન્ય સાધુયોગ્ય ગુણો કરતાં ઘણા ચઢીયાતા ગુણોવાળાનેજ પદ્વીપ્રદાન કરવું હિતકારક છે, અન્યથા પદ્વીપ્રદાન કરવાથી સમાજને મોટી હાનિ થવાનો સંભવ રહે છે.

૨ વ્યવહારિક કેળવણી સાથે નીતિ અને ધર્મના સારા સંસ્કાર પોતાનાં બાળકો ઉપર શરૂઆતથીજ પડે એવી સંભાળ માતપિતાદિક વડીલોએ અવશ્ય રાખવી જોઇએ કે જેથી તે આગળ ઉપર ધર્મભ્રષ્ટ થાય નહિ.

૩ દરેક જૈનશાળા, પાઠશાળા, કન્યાશાળા, શ્રાવિકાશાળા, હુન્નરશાળા, બોર્ડીંગ તેમજ હોસ્ટેલમાં લાભ લેનાર વિદ્યાર્થીવર્ગને યોગ્યતાનુસારે રસદાયક બોધ મળે અને તેમનું વર્તન સરસ ઘડાય તેવી યોજના તેના આગેવાનોએ કરવી જોઇએ.

૪ અર્થવગરના ઉડાઉ ખર્ચો કરવા મોકુફ રાખી, શાસનની ખરેખરી ઉન્નતિ જેથી અચૂક થાય એવું જ્ઞાનદાન ઉદારતાથી આપવા ખાસ ગોઠવણ બને તે સ્થળે કરવી, અને સારો સરખો સુશિક્ષિત વર્ગ તૈયાર કરવો.

૫ તૈયાર થતા અને થયેલા સુશિક્ષિત વર્ગને સારૂં ઉત્તેજન આપતા રહેવું.

૬ જેમ બને તેમ કન્યાઓને બહુ સારી રીતે તેને લગતી જરૂરી બાબતોમાં કેળવવી કે જેથી તે ભવિષ્યમાં બહુ સારી ગૃહિણી બની ગૃહસ્થધર્મને દીપાવે, તેમજ પોતાની પ્રજાને કેળવવા ઉપરાન્ત બીજી અનેક બ્હેનોને પણ કેળવી શકે.

૭ વિધવા બ્હેનોના હિત માટે તેમનું હિત હૈયે ધરનારી બ્હેનોની દેખરેખ નીચે સારી સગવડવાળું એક વિધવાશ્રમ ખોલવું, અને ધીમે ધીમે જરૂરી સ્થળે તેની શાખાઓ ખોલી તેમાં વિધવાઓનું જીવિત સુધરે, રસદાયક બને અને સમાજને ફાયદાકારક નીવડે તેવી ઉદાર યોજના કરવી.

૮ ખાનપાનમાં એંઠવાડો—ભ્રષ્ટવાડો ન થાય, રહેવાનું સ્થળ ગંદકીથી વ્યાપ્ત ન થાય, શરીર ઉદ્યમના અભાવે આળસથી ખરાબ—રોગીષ્ઠ થઇ ન જાય અને ચેપી રોગ ફેલાવો પામી ન જાય તેવી સઘળી સાવચેતી રાખવી.

૯ ધર્માન્ધતાથી થતા ધર્મના ઝઘડા ઓછા થાય—અસાધારણ દ્રવ્ય બરબાદ ન થાય અને ગુણાનુરાગ આદરી કલેશ—કુસંપ, વૈર—વિરોધ શમાવી દેવાય એજ પરિણામે હિતકારક, અતિ આવશ્યક અને શાસનઉન્નતિકારક છે. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કલ્યાણમંદિર અને ભક્તામર.

આ બન્ને સ્તોત્રો સમગ્ર જૈનસમાજને બહુ જાણીતાં છે. તેનો લેખકને પ્રથમ પરિચય થયો ત્યારથી અત્યારસુધી તેના પ્રત્યે એકસરખો મોહ ટકી રહેલો છે, તે મોહને મૂર્તસ્વરૂપ આપવાનો આ લેખદ્વારા આજ પ્રયાસ કરવામાં આવે છે. આ બન્ને સ્તોત્રોની ઉત્તમતા તો જૈન સમાજ તેનું કેટલાય વર્ષો થયાં સેવન કરતી આવી છે તેના ઉપરથી સિદ્ધ થઇ ચુકેલ છે, પણ એક કાવ્ય તરીકે પણ તે બન્નેને બહુ ઉંચું સ્થાન છે, તે આ લેખદ્વારા સમજાવવા ઇચ્છા છે. ઉભય સ્તોત્રના કર્તાઓની ઓળખાણ કરાવ્યા બાદ સ્તોત્રોનું સ્વતંત્ર અવલોકન તથા એકમેકની સરખામણી કરવી અને એ રીતે ઉભય સ્તોત્રોમાં રહેલાં મનોહર તત્ત્વોનું યથામતિ યથાશક્તિ દિગ્દર્શન કરાવવું એ આ લેખનો આશય છે, તો પ્રથમ તો ઉભય સ્તોત્રના કર્તા કોણ હતા તેનો વિચાર કરીએ.

કલ્યાણમંદિર સ્તોત્રના કર્તા સિદ્ધસેનદિવાકર છે; ભક્તામર સ્તોત્રના રચયિતા માનતુંગ આચાર્ય છે. સિદ્ધસેનદિવાકર વિક્રમના સમકાલીન ગણાય છે; માનતુંગ આચાર્યને રાજા ભોજના સમકાલીન માનવામાં આવે છે. આ બન્ને વાતોને ઇતિહાસનો કેટલો આધાર છે તે કહી શકાતું નથી, કારણ કે વિક્રમ કે ભોજનાં સ્થાન તેમજ સમય ઇતિહાસથી હજુ નિર્ણિત નથી, તો પછી તેની સાથે આ પુરૂષોની સમકાલીનતા વિષે નિશ્ચયપૂર્વક શું કહી શકાય?

સિદ્ધસેનદિવાકર મહા સમર્થ પુરૂષ હતા, તેમને કવિ તરીકે જે સ્થાન છે તે કરતાં પણ ન્યાયશાસ્ત્રના વેત્તા તરીકે તેમને ઉચ્ચતર સ્થાન છે. 'સંમતિ તર્ક' અને 'ન્યાયાવતાર'—એ બે ગ્રંથો તેમનું દિવાકરત્વ સિદ્ધ કરવા માટે બસ છે. તેમની કરેલી મહાવીર બત્રીશી અથવા બત્રીશ બત્રીશી કે જેમાંથી હાલ ૨૧ મળી શકે છે તે ગ્રંથ પણ જૈન પંડિતોને સુવિદિત છે.[1] તે ઉપરાંત આગમોના મૂળ સૂત્રો ઉપર શ્રીમદ્ ભદ્રબાહુસ્વામીએ જે નિર્યુક્તિ લખી છે તે નિર્યુક્તિ તથા સૂત્રોની સંકલના જ્યાં જ્યાં અસ્પષ્ટ હતી, ત્યાં ત્યાં સ્પષ્ટ કરવાનો તેમણે પ્રયાસ કીધો છે, અને એ રીતે આગમરહસ્યને સુલભ અને સરલ કીધું છે. આ તો સર્વ શાસ્ત્રવિષયક પ્રવૃત્તિ ગણાવી, પણ તે ઉપરાંત તેમની વિશેષ મહત્તા તેમના જીવનના બીજા અંશોમાંથી પ્રતીત થાય તેમ છે. છદ્મસ્થ જીવોને માટે તો પ્રથમ દર્શન અને પછી જ્ઞાન એ ક્રમ તો સુનિશ્ચિત અને સર્વ સંમત છે, પણ કેવળી-સર્વજ્ઞને માટે એથી વિરૂદ્ધ ક્રમ છે. સિદ્ધસેનદિવાકરે એમ પ્રતિપાદન કર્યું કે "કેવળજ્ઞાનીને જ્ઞાન તેમજ દર્શન એકજ

---

1 આ બન્ને ગ્રંથો શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી સિદ્ધસેનદિવાકર ગ્રંથમાળામાં છપાયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયે હોય. આ પ્રશ્નની વિશેષ ચર્ચા અહિ અપ્રસ્તુત છે પણ તેથી એટલું જોઇ શકાશે કે આ આચાર્ય અન્ય આચાર્યોની માફક પરંપરાગત સર્વ માન્યતાઓને જેમ હોય તેમ કબુલ કરનાર નહોતા; પણ તે તે માન્યતાઓને સ્વબુદ્ધિની તુલનાએ તોળતા અને અસ્વીકાર્ય લાગે તેની અવગણના કરતા, અને સ્વીકાર્ય લાગે તેનો આદર કરતા. આવી સ્વતંત્ર હિંમતનું તેમના જીવનમાંથી બીજું દૃષ્ટાન્ત મળી શકે તેમ છે. સિદ્ધસેનદિવાકરને સંસ્કૃત ભાષા ઉપર અસાધારણ પ્રીતિ હતી, અને જૈનાગમોની પ્રચલિત ભાષા પ્રાકૃત હતી; પણ વિદ્વાન્ પરિષદોમાં સંસ્કૃત ભાષાને પ્રાધાન્ય હતું અને તે વખતની સાહિત્યવિષયક તેમજ શાસ્ત્રવિષયક કૃતિઓ બહુધા સંસ્કૃતમાં રચાતી હતી. આ ઉપરથી સિદ્ધસેનદિવાકરને આગમાદિ સર્વ શાસ્ત્રોનું સંસ્કૃત ભાષામાં રૂપાન્તર કરવાનો વિચાર થયો; અને પ્રચલિત નવકારમંત્રને સ્થાને દૃષ્ટિવાદના મંગળ તરીકે લખાયેલ **नमोऽर्हत्सिद्धाचार्योपाध्याय सर्व साधुभ्यः** ની જેમ, અન્ય સૂત્રો પણ ગુંથવા ધાર્યું. તે વિચાર પોતાના ગુરૂને તેમણે નિવેદન કીધો. આ વિચાર સાંભળી તેમના ગુરૂએ તેવા વિચારથી સર્વજ્ઞની આશાતના થયેલી સમજાવી, તેના નિવારણ માટે પ્રાયશ્ચિત્ત કરવા કહ્યું. આને લગતી વિશેષ હકીકત કલ્યાણમંદિર સ્તોત્રની શી રીતે ઉત્પત્તિ થઇ તેનું વર્ણન કરતાં આગળ ઉપર જણાવવામાં આવશે. ઉપરની હકીકતથી એટલું જોઇ શકાશે કે સમગ્ર આગમશાસ્ત્રોને સંસ્કૃત ભાષામાં ઉતારવાનો વિચાર આવે તે સામાન્ય બુદ્ધિવાળી વ્યક્તિમાં ઘટી શકેજ નહિ. એ રીતે સિદ્ધસેનદિવાકરની અસાધારણ શક્તિમત્તા સુસ્પષ્ટ છે.

જ્યારે સિદ્ધસેનદિવાકરની આટલી વાતો પણ પરંપરાથી જાણીતી છે ત્યારે માનતુંગ આચાર્ય વિષે ઇતિહાસ કે પરંપરા જરા પણ અજવાળું પાડી શકતાં નથી. તેમણે બીજાં કાંઇ કાવ્યો રચ્યાં હોય કે પુસ્તકો લખ્યા હોય તેની માહિતી નથી. માત્ર એટલું જાણીતું છે કે નમીઉણ સ્મરણ જે માગધીમાં રચાયલું છે તે પણ માનતુંગાચાર્યની કૃતિ છે.

કલ્યાણમંદિર સ્તોત્ર સિદ્ધસેન દિવાકરનું રચેલું છે તથા ભક્તામર સ્તોત્ર માનતુંગાચાર્યનું રચેલું છે. તે બન્ને સ્તોત્રોનો છેલ્લો છેલ્લો શ્લોક જોવાથી માલુમ પડશે. કલ્યાણમંદિરના છેલ્લા શ્લોકમાં **जननयनकुमुदचन्द्र** એ પદ આવે છે તેમાં કુમુદચંદ્ર તે સિદ્ધસેનદિવાકરનુંજ નામ છે. તેમણે દીક્ષા લીધી ત્યારે તેમનું નામ કુમુદચંદ્ર રાખવામાં આવ્યું હતું. આચાર્યપદવી મળ્યા બાદ સિદ્ધસેનદિવાકર નામ ધરાવવામાં આવ્યું હતું. ભક્તામરના છેલ્લા શ્લોકમાં **तं मानतुंगमवशा समुपैति लक्ष्मीः** એ પદ આવે છે તેમાં તો માનતુંગાચાર્યનું ચોખ્ખું નામ આપવામાં આવ્યું છે.

વર્તમાન જૈનપ્રજા ત્રણ સંપ્રદાયમાં વ્હેંચાયલી છે. શ્વેતાંબર, દિગંબર તથા સ્થાનકવાસી. શ્વેતાંબર સંપ્રદાય અનેક પ્રસંગે નવસ્મરણ ગણે છે, અને તે નવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્મરણોમાં મહામંગળકારી ગણ્યું છે. તે નવસ્મરણોમાંના બે કલ્યાણમંદિર અને ભક્તામર છે. દિગંબરો પણ આ સ્તોત્રો બહુ ભાવથી ગાય છે પણ તેઓના ભક્તામરમાં પ્રસ્તુત ભક્તામરથી ચાર [*]લોક વધારે છે. સ્થાનકવાસીઓમાં ભક્તામર બહુ પ્રચલિત છે; કલ્યાણમંદિર તેઓમાં પ્રચલિત નથી. કલ્યાણમંદિર સ્તોત્રમાં સ્થાનકવાસીઓને અનુકૂળ ન પડે તેવું એક પણ તત્ત્વ દેખાતું નથી, પણ તેઓનો વિરોધ કદાચ કલ્યાણમંદિરની ઉત્પત્તિ પરત્વે હશે; કારણકે કલ્યાણમંદિરની ઉત્પત્તિની કથામાં મૂર્તિનું પ્રતિપાદન આવે છે.

દરેક પ્રતિભાસંપન્ન કાવ્ય કે મહાકાવ્યની આસપાસ અનેક દંતકથાઓ વીંટળાયલી હોય છે. આ દંતકથાઓ સર્વથા કે ઓછે વધતે અંશે સાચી હોય, પણ આ દંતકથાઓ એક પક્ષે મૂળ કાવ્યને અમુક પ્રકારનું મનોહારિત્વ અર્પે છે તથા અન્ય પક્ષે સમાજ તેનો કેવા ભાવથી આદર કરે છે તેનું માપ કાઢવામાં આવી દંતકથાઓ બહુ સહાય કરે છે. વાલ્મીકી રામાયણ, ગંગાલહરી, સૂર્યશતક, દેવીશતક વિગેરે અનેક કાવ્યોના સંબંધમાં આવી દિવ્ય દંતકથાઓ લોક પ્રચલિત છે; તેવીજ રીતે કલ્યાણમંદિર તથા ભક્તામર સ્તોત્રની ઉત્પત્તિ વિષે પણ અમુક અમુક દંતકથા જૈનસમાજમાં જાણીતી છે. જેનો અત્ર ઉલ્લેખ કરવામાં આવે તો અસ્થાને નહિ ગણાય. પ્રથમ કલ્યાણમંદિરની ઉત્પત્તિ વિષે પ્રચલિત દંતકથા તપાસીએ.

ઉપર જણાવી ગયા તેમ જ્યારે સિદ્ધસેનદિવાકરે સર્વ સિદ્ધાંતોનો સંસ્કૃત ભાષામાં ઉતારવાનો વિચાર પોતાના ગુરૂને નિવેદન કીધો ત્યારે તેમના ગુરૂને પોતાના શિષ્યના આવા કુતર્ક માટે બહુજ ખેદ થયો અને સિદ્ધસેન દિવાકરને કહ્યું-

"बाल स्त्रीमन्दमूर्खाणां, नृणां चारित्र कांक्षीणाम् ।
अनुग्रहाय तत्त्वज्ञैः[1], सिद्धान्तः प्राकृतः कृतः ॥
अथ एवं जल्पतस्तव महत् प्रायश्चितं लग्नम् । "

( બાલ, સ્ત્રી, મન્દ અને મૂર્ખ—એવા ચારિત્રની આકાંક્ષાવાળા મનુષ્યો ઉપર અનુગ્રહ કરવા માટે સિદ્ધાન્તને પ્રાકૃત ભાષામાં રચ્યા છે, તેથી આવો વિચાર કરવાથી તને મોટું પ્રાયશ્ચિત લાગ્યું છે. )

આમ કહીને તેમના ગુરૂએ સિદ્ધસેનદિવાકરને ગચ્છ બહાર કીધા.[2] સિદ્ધસેન-

---

૧ अनुग्रहार्थं सर्वज्ञैः એમ પણ પાઠ છે.

૨ અહીં અન્યત્ર સ્થળે એમ કહેલું છે કે તેમને પારાંચિત નામનું દશમું પ્રાયશ્ચિત્ત આપ્યું, જેથી તેમણે વેષ ગોપવીને બાર વર્ષ પર્યંત ચારિત્ર પાળવું. બાર વર્ષના અંતે કોઈ નવીન તીર્થ ચાલવું-પ્રકટ કરવું એટલે તેમને ગચ્છમાં લેવામાં આવે. સિદ્ધસેનદિવાકર તે પ્રાયશ્ચિત્ત કબુલ કરી વેષ ગોપવી ચાલી નીકળ્યા અને બાર વર્ષ પૂરાં થતાં ઉજ્જયનીમાં પ્રાચીન તીર્થ પ્રગટ થવાનું જણાતાં ત્યાં આવ્યા. પછી મહાકાળના મંદિરમાં શિવલિંગ ઉપર પગ દઇને સૂતા.

( બાકી લેખમાં છે તે પ્રમાણે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિવાકરે પોતાના ગુરૂને વિનવવા અને પોતાને ગચ્છમાં લેવા માટે વિનંતિ કરવા સંઘને કહ્યું; સંઘે આવીને ગુરૂને બહુ સમજાવ્યા; અને આ મોટા પ્રભાવક થશે એમ કહ્યું. ત્યારે ગુરૂએ કહ્યું કે:–' જ્યારે અઢાર રાજાઓને પ્રતિબોધ આપીને તેને જૈનધર્મી બનાવશે ત્યારે હું તેને ગચ્છમાં લઇશ.' ગુરૂની આવી પ્રતિજ્ઞા સાંભળીને સિદ્ધસેનદિવાકર ત્યાંથી ચાલી નીકળ્યા અને ફરતાં ફરતાં ઉજયિની નગરીમાં આવ્યા; રાજા વિક્રમ સાથે ત્યાં તેમને સમાગમ થયો. વિક્રમ આવા પ્રભાવશાળી આચાર્યના દર્શન તથા સમાગમથી બહુ પ્રસન્ન થયો અને ઉભયનો પરિચય દિનપ્રતિદિન વધતો ગયો. એક દિવસ સિદ્ધસેનદિવાકર મહાકાળના મંદિરમાં જઇ શિવલિંગ ઉપર પગ મૂકી સૂતા. આ જોઇ અનેક ભક્તજનોનાં મન દુખાયાં, અને તેને ઉઠાડવા તેઓએ ઘણો પ્રયત્ન કર્યો; પણ કોઇપણ રીતે તે ઉઠ્યા નહિ. ભક્તજનોએ પ્રહાર કરવા માંડ્યા, પણ આ પ્રહાર સિદ્ધસેનદિવાકરને ન લાગતાં અન્તઃપુરની રાણીઓને લાગવા માંડ્યા. આ ઉપરથી મોટો કોલાહલ થયો, આમ કેમ બને છે તેની રાજાને સમજ ન પડી. કોઇએ જણાવ્યું કે, મહાકાળના મંદિરમાં કોઈ ભિક્ષુ શિવની પિંડી ઉપર પગ દઇને સૂતેલો છે તેને ઉઠાડવા પ્રહાર કરવામાં આવે છે તે રાણીને વાગે છે. તે સાંભળીને રાજા વિક્રમ એકદમ મહાકાળના પ્રસાદમાં આવ્યો અને સિદ્ધસેનદિવાકરને શંકરના લિંગ ઉપર પગ રાખીને સૂતેલા જોઇને આવું લોકવિરૂદ્ધ–ધર્મવિરૂદ્ધ કાર્ય આચરવાનું કારણ પૂછ્યું, ત્યારે સિદ્ધસેનદિવાકરે કહ્યું કે:–' આ શંકર તે કાંઇ મહાદેવ નથી અને તેથી તેના લિંગ ઉપર પગ મૂકવામાં બીલકુલ દોષ નથી. ખરા મહાદેવ તો જુદા છે અને તેના દર્શન કરવા હોય તો આ સ્તુતિ કરૂં છું તે સાંભળો; તેથી તમને ખરા મહાદેવના અવશ્ય દર્શન થશે.' આમ કહી તે સ્થળે સિદ્ધસેનદિવાકરે કલ્યાણમંદિર સ્તોત્રની રચના કીધી.

એક પછી એક શ્લોક બોલતાં અગિયારમો શ્લોક આવ્યો ત્યાં ધરતીકંપ થયો; ધુમાડાના ગોટેગોટા નીકળવા માંડ્યા. શિવલિંગ ફાટ્યું અને અંદરથી ધરણેંદ્ર સહિત શ્રી પાર્શ્વનાથ પ્રભુની તેજોમયી મૂર્તિ પ્રકટ થઇ આવી. આ મૂર્તિ સમક્ષ સિદ્ધસેનદિવાકરે સ્તોત્ર પૂરૂં કીધું. આ સર્વ જોઇને સૌ કોઇ ચકિત થઇ ગયા. વિક્રમ રાજા પણ વિસ્મયસ્તિમિત થઈ ગયો; આ ચમત્કારથી તેની શુદ્ધ પરિણતિ જાગ્રત થઇ. સિદ્ધસેનદિવાકરે શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મનું સ્વરૂપ સમજાવ્યું અને વિક્રમરાજાએ સમ્યક્ત્વ અંગીકાર કર્યું. ત્યારબાદ વિક્રમને અનુસરનારા બીજા અઢાર ખંડીયા રાજાઓએ પણ સિદ્ધસેનદિવાકરના સદુપદેશથી જૈનધર્મ અંગીકાર કર્યો. આ રીતે સિદ્ધસેનદિવાકરે પોતાના ગુરૂની પ્રતિજ્ઞા પૂરી પાડી. એટલે તેમને ગચ્છમાં લેવામાં આવ્યા. કલ્યાણમંદિરની ઉત્પત્તિની આવી કથા છે.

For Private And Personal Use Only

હવે ભક્તામરની ઉત્પત્તિ કેમ થઇ તે તપાસીએ. જે દંતકથા અહીં જણાવવાની છે તે પ્રમાણે માનતુંગ આચાર્ય, બાણભટ્ટ, મયૂરભટ્ટ તથા રાજા ભોજને સમકાલીન ગણવામાં આવે છે. મયૂરભટ્ટને પોતાની પુત્રી તરફથી અમુક કારણને લીધે મળેલા શાપથી આખા અંગે કોઢ થાય છે, વસ્ત્રોથી શરીર આખું તો ઢંકાય પણ મોઢું ઢંકાતું નથી. રાજા ભોજ મયૂરભટ્ટને કુષ્ટથી પીડિત જોઇને કોઢ ન મટે ત્યાં સુધી રાજસભામાં આવવાની મના કરે છે. મયૂરભટ્ટ ઘેર જઇને સુન્દર સો શ્લોકોથી સૂર્યની સ્તુતિ કરીને સૂર્યને પ્રસન્ન કરે છે અને સૂર્ય કોઢ દૂર કરે છે. રાજા મયૂરભટ્ટની આવી શક્તિ જોઇ ચકિત થાય છે અને રાજસભામાં તેની પ્રશંસા કરે છે. બાણભટ્ટથી આ પ્રશંસા સહન થતી નથી અને રાજા ભોજને અરજ કરે છે કે 'કોઢ દૂર કર્યો એમાં શું ? મારા હાથ પગ કાપી નાંખો તો પણ હું મારી વિદ્યાના બળથી પાછા આણી શકું છું.' આ ઉપરથી બાણભટ્ટના હાથપગ કાપી નાંખવામાં આવ્યા. પછી બાણભટ્ટે ચંડીદેવીની સ્તુતિ કરી, ચંડીદેવી પ્રસન્ન થઈ, અને બાણભટ્ટને હાથપગ પાછા લાવી આપ્યા. આ જોઇ ભોજરાજાએ બાણભટ્ટની બહુ પ્રશંસા કીધી, અને પોતાના શિવદર્શનના આવા પ્રભાવ માટે તેને બહુ ગર્વ આવ્યો. આ ગર્વનો ભંગ કરવા માટે એકદા માનતુંગ આચાર્ય રાજસભામાં આવ્યા અને જૈનદર્શનનો પ્રભાવ રાજાને બતાવવાનો વિચાર જણાવ્યો. રાજાએ જૈનદર્શનથી કાઇ ચમત્કાર થતો હોય તો જોવા પોતાની ખુશી બતાવી. માનતુંગ આચાર્યે કહ્યું કે—"મને ગમે એટલી બેડીયો પહેરાવો અને તેના પર ગમે તેટલાં તાળાં લગાવો, તો પણ હું તેમાંથી મારા ધર્મના પ્રભાવથી છુટો થવાને શક્તિમાન છું." આ ઉપરથી તેમને ચુંમાળીશ બેડીઓ પહેરાવવામાં આવી અને તે દરેક ઉપર એક એક તાળું દેવામાં આવ્યું; અને પછી તેમને એક ઓરડામાં પૂર્યા, અને ચારે બાજુએ ચોકી મૂકી. અહિં ઓરડામાં બેઠાં બેઠાં શ્રી માનતુંગઆચાર્યે ભકતામર સ્તોત્રની રચના કીધી. એક શ્લોક બોલતા જાય એટલે એક બેડી અને એક તાળું તુટતું જાય; એ રીતે આખું સ્તોત્ર પૂરું થતાં માનતુંગ આચાર્ય બધા બંધનોથી તદ્દન છુટા થઈ ગયા. બેડી, તાળાં તુટી પડ્યાં, બારણા ઉઘડી ગયાં અને જૈનાચાર્ય રાજસભામાં આવીને બેઠા. આ જોઇને નૃપતિસહ સર્વ સભાજનોએ જૈનદર્શનની બહુ પ્રશંસા કરી અને સર્વ દર્શન કરતાં જૈનદર્શન ઉત્તમ છે એમ કબુલ કર્યું. આવી ભક્તામર સ્તોત્રની ઉત્પત્તિની કથા છે.

અપૂર્ણ

ખૂબચંદ દ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आत्मस्वरुप.

( લેખક–દફતરી નંદલાલ વનેચંદ–મોરબીવાળાં. ઘીરાજી )

આત્મા જ્યોતિસ્વરૂપ છે. સર્વ વસ્તુઓમાં તે પ્રકાશે છે, તેનું કારણ આત્મા તેજસ્વી છે, આત્મા રૂપી દીપ ધુમાડા વિના બળે છે. તેને તેલ અથવા દીવેટની જરૂર પડતી નથી, છતાં તે ત્રણ જગતને પ્રગટ કરે છે. પર્વતોને પણ ચળાવી નાંખે તેવો વાયુ આ આત્મપ્રદીપ બુઝવવા સમર્થ થતો નથી. એક કોટી સૂર્ય કરતાં પણ આત્મપ્રકાશ અધિક છે. આપણે સર્વ વસ્તુ જોઇ શકીએ તે આત્માનોજ પ્રતાપ છે.

વળી આત્મા અનેક ગુણોના આધારભૂત છે. જ્ઞાન દર્શન અને ચારિત્ર વિગેરે ગુણો રહેવાનું ભાજન આત્મા છે. તે ગુણો અને આત્માનો અવિનાભાવી સંબંધ છે. આત્મા ગુણી છે, જેમાં આ ગુણો રહેલા છે. તે ગુણો એક અપેક્ષાએ ગુણીનું સ્વરૂપ દર્શાવવામાં અત્યંત ઉપયોગી થાય છે. તે આત્મા જ્ઞાનગમ્ય છે, તેનું સ્વરૂપ જાણવાને ઉત્તમોત્તમ ઉપાય જ્ઞાન છે. આત્માનું સ્વરૂપ પીછાણવાને આત્મજ્ઞાનની જરૂર છે. ધાર્મિક ક્રિયાઓથી હૃદય શુદ્ધ થાય છે. અને હૃદયશુદ્ધિ એ જ્ઞાન મેળવવાનું ઉત્તમ સાધન છે, પણ કેવળ ધાર્મિક ક્રિયાથીજ આત્મજ્ઞાન થશે એમ માની શકાય નહિ. સાધન અને સાધ્ય તરફ લક્ષ રાખી કરવામાં આવેલી ધાર્મિક ક્રિયા બહુજ ઉપયોગી નીવડે છે, પણ તેનેજ કેવળ વળગી રહેવાથી આત્મજ્ઞાન પ્રાપ્ત થશે નહિ. વળી આત્માને આ લોકમાં નિરક્ષર કહેવામાં આવ્યો છે, તેનો ભાવાર્થ એ છે કે આત્મા શબ્દાતીત છે. શબ્દોદ્વારા આત્મસ્વરૂપનું ગમે તેટલું વર્ણન કરવામાં આવે તો પણ આત્મસ્વરૂપનું જ્ઞાન તેથી શઇ શકે નહિ. જો કે સ્વરૂપનો અનુભવ થઇ શકે તો પણ તે શબ્દોદ્વારા કદાપી દર્શાવી શકાય નહિ. શબ્દોદ્વારા તેનો ઝાંખો આભાસ આપી શકાય. પણ ખરૂં સ્વરૂપ તો તેના અનુભવીઓજ જાણી શકે. માટે તે શબ્દાતીત અથવા નિરક્ષર કહેવાય છે. આત્મા સ્વભાવે શુદ્ધ અને સ્વચ્છ છે. એ વિશેષણોની સાર્થકતા આપણે વિચારવી જોઇએ. માટે તે સંબંધમાં વિશેષ નહિ લખતાં એટલુંજ જણાવીશું કે જગતમાંની કોઇ પણ નિર્મળ વસ્તુ કરતાં પણ આત્મા અધિક નિર્મળ છે. જડ વસ્તુ આત્મા ઉપર પોતાની સત્તા ચલાવી શકે નહિ, છતાં અજ્ઞાનને લીધે આત્મા પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે અને જડ વસ્તુ (પુદ્ગળ) ને પોતાની માને છે. જ્યાં સુધી જડ વસ્તુમાં મારાપણાનો ભાવ છે ત્યાં સુધી તે વહેવારથી જડાતીત કહેવાય નહીં. પણ જ્યારે આત્મા વિશેષ અનુભવ મેળવતો જાય છે અને કર્મફળને વિખેરી નાંખે છે ત્યારે તેને ભાન થાય છે કે આ જડના તરંગો તેના આત્મારૂપી ખડકને અસર કરવા સમર્થ થશે નહીં, તેજ વખતે તે વસ્તુતઃ જડાતીત બને છે. આત્મા લોકાલોક પ્રકાશક છે. આત્મા જન્મતો તેમજ મરતો નથી. જ્યાં સુધી જીવ સંસારમાં રખડે છે, ત્યાં સુધી જન્મ મરણ તેને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



... જ્યાં તેનું શુદ્ધ સ્વરૂપ તેના જાણવામાં આવ્યું કે તેજ વખતે જન્મ મરણની પરં... તેને વાસ્તે બંધ થઇ જાય છે. જન્મ મરણનું ચક્ર આત્મજ્ઞાનના અનુભવી પર ...નું સામ્રાજ્ય ચલાવી શકતું નથી. સત્તામાં રહેલા અવશેષ કર્મબળથી તેને કેટ...ક સમય આ સંસારમાં ભલે કાઢવો પડે. પણ તે ફરીથી તે ચક્રમાં–બંધનમાં આવી ...તો નથી. જો જન્મ અને મરણ એ આત્માનો સ્વભાવ માનીએ તો સિદ્ધના ...ઓને પણ જન્મ લેવાનો પ્રસંગ આવે. જેને જન્મ હોય તેને બાલ્યાવસ્થા, યુવા...વસ્થા, પ્રૌઢાવસ્થા અને છેવટે વૃદ્ધાવસ્થા આવે છે. પણ જેને જન્મ નથી તેને જરા ...ની રીતે હોય ? આત્મા જ્યોતિર્મય છે, ગુણાધાર છે, જ્ઞાનથી જણાય તેમ છે, ...નિરાકાર છે, સ્વચ્છ છે અને લોકાલોકનો પ્રકાશક છે.

## સુબોધ વ્યાખ્યાન.

કોઇએક નગરમાં રતનચંદ નામનો એક શાહુ વસતો હતો. તેને **ધર્મશી**-લા નામની એક રૂપવતી કન્યા હતી. આ કન્યાને પૂર્વજન્મના યોગે ધર્મની પ્રીતિ પ્રાપ્ત થયેલી હતી. એક દિવસ તે માર્ગમાંથી જતી હતી, તેટલામાં ત્યાંના રાજાના કુમારની દ્રષ્ટિએ તેનું નાશવંત શરીર પડયું. એના અંગના રંગ–સૌંદર્યથી તે કુમાર અત્યંત મોહાંધ થઇ ગયો અને રાતદિવસ તેનુંજ રટણ કરવા લાગ્યો. રાજકુમાર તો સઘળા મોજશોખ મુકી દઇ શોકસાગરમાં તણાવા લાગ્યો. ખાવું પીવું ને આનંદ ઉત્સવમાં ભાગ લેવો એ સઘળું તેણે તજી દીધું. આવા મોહાંધપણાથી તેનું શરીર દિનપ્રતિદિન સુકાવા લાગ્યું. આ વૃત્તાંત તેના પિતા અને નગરના પાલણહાર રાજાને થતાં રાજાએ સ્વધર્મપાલનતાનો વિચાર કોરે મૂકી તે કન્યાના પિતાને કહ્યું કે– 'તારી પુત્રીના મારા કુમાર સાથે લગ્ન કર.' તે ગૃહસ્થે કહ્યું–'હે રાજન્ ! આ કાર્ય મોટું છે, તેથી ત્રણ માસ પછી હું એનો ઉત્તર આપીશ.' આવો ઉત્તર તો આપ્યો, પણ તે દિવસથી તે ગૃહસ્થ ભારે ચિંતામાં પડ્યો કે મારે હવે શું કરવું ? રાજા શૈવી છે, હું વણિક છું. મારી કન્યા જૈનધર્મના વ્રતાચાર પ્રમાણે ચાલનારી અને સુશીલા છે, તે જો અન્ય ધર્મીને આપું તો તે અનેક દુઃખની ભોકતા થશે. એવા વિચારમાં તેનું શરીર દિવસે દિવસે સુકાવા લાગ્યું અને સરડા જેવો થઇ ગયો. પિતાની આ સ્થિતિ નિહાળી તેની બુદ્ધિશાળી પુત્રીએ પૂછ્યું–'હે પિતાજી! આપને એવું શું દુઃખ આવી પડ્યું છે કે જેથી આપ સુકાતા જાઓ છો ?' પિતાએ અથથી ઇતિ સુધી વૃત્તાંત પુત્રીને કહી સંભળાવ્યું ને બોલ્યો–'રાજાનો અને આપણો ધર્મ જૂદો છે, તેથી તારાં લગ્ન રાજકુમાર સાથે કરતાં મારા ધર્મશીલપણાને દુષણ લાગે ને ...માં મારી પ્રતિષ્ઠાને પણ ઝાંખપ લાગે. લોક નિંદશે કે રતનચંદે અધર્મને ...કે મોટી દ્રવ્યની લાલચથી અયુક્ત કામ કર્યું છે.' પિતાનાં મુખથી આવાં વચન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળીને કન્યા ખડખડાટ હસી પડી. તે બોલી–' હે પિતાજી! આટલા માટે આપ ગભરાઓ છો કે? એમાં શું મહાભારત કાર્ય છે કે તમે આટલા બધા ચિંતાતુર થાઓ છો? રાજાની આજ્ઞાનું પાલન કરીને કુમારની ઇચ્છા થશે તો હું તેને વરીશ. તમે જરા પણ ગભરાઓ નહિ. હું ધર્મશીલ છું. મારા ને તમારા ધર્મને જરા પણ ખાંપણ આવવા દઈશ નહિ.' પછી તે કન્યાએ તે દિવસથી વ્રત ઉપવાસ કરી પોતાના શરીરને દમવા માંડયું. નવપદના ધ્યાનમાં લીન થતી ગઈ અને શરીરને ગાળી નાંખ્યું. તે હાડપિંજર જેવું બની ગયું. તેનાં મૃગલી જેવાં નેત્રો હતા તે ખાડામાં ઉતરી ચકલી જેવાં બની ગયાં, ચંદ્રના જેવું મુખ હતું તે શ્યામ થઇ ગયું, પયોધરને સ્થાને ચીમળાયલી ત્વચા દેખાવા લાગી, કેળ જેવી જંઘા સાંઠી જેવી થઈ ગઇ, ગંડસ્થળ જેવા નિતંબ બેસી ગયાં અને સિંહ જેવી કટીપર માત્ર ચામડીજ રહેલી દેખાવા લાગી.

રાજપુત્ર તો હોંશ ને આનંદમાં રહી તે કન્યાનું ધ્યાન ધરતો હતો. દરમ્યાન ત્રણ માસ પૂરા થયે રતનચંદે રાજા પાસે આવી કહ્યું 'હે રાજન્! મારી કન્યા આપના કુમારને વરવા ખુશી છે, પણ લગ્ન પહેલાં આપના કુમાર સાથે મારી કન્યાને કેટલીક વાતચિત કરવી છે, માટે મારી કન્યા કાલે રાજભવનમાં આવશે.' બીજે દિવસે તે કન્યા રાજકુમારની સમીપે આવીને ઉભી રહી. તેની મુખાકૃતિ જોતાં રાજકુમાર ચમકીને દૂર જઇ ઉભો રહ્યો ને વિચારવા લાગ્યો કે 'આ કોણ? ભૂત કે પ્રેત?' તે કન્યાએ કહ્યું–'હે રાજપુત્ર! હું ભૂતે નથી તેમ પ્રેતે નથી, પણ હું તેજ રતનચંદની પુત્રી છું કે જેનાપર તમે મોહિત થયા હતા. મને જોતાં આજ તમને મોહ કેમ થતો નથી? કેમ દૂર નાસો છો? જેના પર તમને મોહ થયો હતો, જેની પ્રાપ્તિ માટે આપે અન્ન-જળ તજ્યાં છે, જેને માટે ધર્મ તજવા અને તજાવવા તૈયાર થયા છો તેજ હું તમારી સમીપે તમારી આજ્ઞાનું પાલન કરવા આવી છું. આવો, બેસો અને જે ઇચ્છા હોય તે તૃપ્ત કરો.' રાજપુત્રે કહ્યું–'તું આવી બિહામણી ને ભયંકર કેમ?' ધર્મશીલાએ કહ્યું 'કુમાર! તમે મારામાં કયે સ્થળે ભયંકરતા જુઓ છો? હું તો જે છું તેની તેજ છું.' કુમારે કહ્યું–'જે સૌંદર્યતા જોઇ લગ્ન કરવાનો મને મોહ થયો હતો તે સૌંદર્યતા કયાં છે?' કન્યા બોલી–' જે દેહમાં તમે સૌંદર્ય જોયું હતું તેજ આ દેહ છે, પણ મહારાજ! તમને મારામાં કયે સ્થળે સૌંદર્યનું દર્શન થયું હતું કે તમે મારી સાથે લગ્ન કરવા તૈયાર થયા હતા? જો મારી સાથે આપને લગ્ન કરવાની હજુ પણ ઇચ્છા હોય તો હું તૈયાર છું. હું જે હતી તે આજ પણ છું.' રાજકુમારે કહ્યું–' તું તો પરમ-સુંદરી હતી, તે આવી ડાકણી ને પિશાચણીના જેવી કેમ બની ગઇ?' કન્યાએ કહ્યું– 'હે રાજકુમાર! મારી સુંદરતા કાંઇ જતી રહી નથી, જે માંસને લોહીથી આ અંગમાં તમને સુંદરતા જોવામાં આવતી હતી તેનેજ તમે સુંદરતા કહેતા હો તો ને તેજ તમારે જોઇતું હોય તો તે ચાંડાળવાડામાં છે. પણ તે સુંદરતા જોતાં તમને વમન થયા વગર રહેશે નહિ. હે કુમાર! જરા સાંભળો, સૌંદર્યમાં જેને મોહ થયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે ને સૌંદર્ય નષ્ટ થતાં તેનો મોહ પણ નષ્ટ થાય છે. અને હું જાણી શકું છું કે તમારો મારાપર મોહ ન હતો, પણ મારા સૌંદર્યપર મોહ હતો. સૌંદર્યપર જે મોહ કરે છે તે મૂઢમતિ છે. કેમકે સૌંદર્ય ત્રિકાલાબાધિત નથી. આજે જેને તમે સૌંદર્યવાન જુઓ છો તેને એક કાળે સૌંદર્યથી જર્જરિત થઇ મારી સ્થિતિમાં જોશો. ત્યારે શું તમારા અજ્ઞાનપણાપર તમને લજ્જા આવશે નહિ ? તેથી હે મહારાજ ! સૌંદર્યપર મોહ કરવો એ ડાહ્યા મનુષ્યનું કર્તવ્ય નથી. જો મારાપર તમને મોહ થયો હોય તો તમે મારૂં પાણિગ્રહણ કરો, ને મારા સૌંદર્યપર તમને મોહ થયો હોય તો હું તમારી ધર્મપત્ની થવા ઈચ્છતી નથી. હે રાજકુમાર ! આ તરફ દ્રષ્ટિ કરો. આ તમારી દાસી આવે છે, તેને તમે જુઓ. જ્યારે તમે બાળક હતા ત્યારે એ દાસીને તમે જોઈ હતી ? ' રાજકુમાર બોલ્યો કે ' હા. મને ઝાંખું ઝાંખું સ્મરણ થાય છે કે તે સમયે તે ઘણી રૂપાળી હતી. ' કન્યાએ કહ્યું–' આજે તેનાં હાથ, પગ, હાડાં ભાંગી ગયાં છે, દાંત પડી ગયા છે, માથાના વાળ બગલાની પાંખ જેવા સફેદ થઇ ગયા છે, શરીરપર કરચલી પડી ગઇ છે. આજે તે એવી તો કુરૂપવાન દેખાય છે કે તમને જોવી પણ ગમતી નથી. પૂર્વકાળમાં એ સુંદરી હતી. એનું તે સૌંદર્ય આજે ક્યાં ગયું કે જે સૌંદર્યપર તુષ્ટમાન થઇ તમારા લાલન પાલન માટે તમારા પિતાએ તેને નીમી હતી ? મહારાજ ! તે સૌંદર્ય ક્યાં છે ? એ તો તેની તેજ છે ? ' રાજપુત્ર વિચારગ્રસ્ત થઇ ગયો. ત્યારે તે સાધ્વીએ કહ્યું–' ન સમજાતું હોય તો સમજો, તે સૌંદર્ય માત્ર દ્રષ્ટિનો વિકારજ હતો. સૌંદર્ય કંઇ વસ્તુ નથી, તેમ તે સ્થિર નથી. જેવું તે આજે દેખાય છે તેવું તે આવતી કાલે દેખાતું નથી. કેમકે દ્રષ્ટિમાં ક્ષણે ક્ષણે પરિવર્તન થયા કરે છે. જે આજે બાળ છે તે અન્નાદિકના આહારથી ક્રમે ક્રમે તરૂણ, પછી વૃદ્ધ, પછી જર્જરિત, ને પછી કાષ્ઠરૂપ થાય છે. એમ સૌંદર્ય ક્ષણભંગુર પણ પરિવર્તન જોઇ જ્ઞાની પુરૂષો તેનો સદાને માટેજ ત્યાગ કરે છે. હે રાજપુત્ર ! કાળની ક્રીડાનું તમને જ્ઞાન નથી, તેથી સૌંદર્યમાં મોહાંધ થઇ, તમારા ધર્મથી વિપરીત આચરણ કરી, હાથે આંખ બંધ કરીને કુવામાં પડો છો. સૌંદર્ય શું છે ? આ નાશવંત શરીરમાં રક્ત, માંસ, મેદ વિગેરે ઉત્પન્ન થાય છે એજ રક્ત, માંસ, મેદ તેજ સૌંદર્ય ! એનાથી મનુષ્ય કાંતિમાન જણાય છે. તેના યોગેજ સ્ત્રીઓને કવિઓએ કમળમુખી, ચંદ્રમુખી, મૃગનયની કહી છે. માંસથી ભરેલી જંઘાને કદળીસ્તંભની, પયોધરોને હાથીના કુંભસ્થળની અને કેડને સિંહની કટીની ઉપમા આપી છે. હે રાજકુમાર ! એ તો માત્ર કવિઓની કલ્પના છે. સ્ત્રી માત્ર માંસ મજ્જા રક્ત અને ચર્મનાં બનેલાં જેવાં બીજા પ્રાણીઓ છે તેવીજ ચામડાની પુતળી છે. તેનામાં વધુ કાંઇ નથી. જે સૌમાં છે તેજ તેનામાં છે. મારામાં જે હતું તેજ આ તમારી દાસીમાં છે. તેજ તમારી બીજી રાણીઓમાં છે. ગયું કંઈ નથી, તો પછી તમારો મોહ આજે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમના પરથી કેમ ઉતરી ગયો છે? હવે કહો હે કુમાર! શા પર તમને મોહ હતો? મારાપર કે મારાં રક્ત માંસપર? જો મારા પર તમે મોહિત થયા હતા તો હું તો જે છું તેની તેજ છું; ને જે પદાર્થથી હું સુંદર જણાતી હતી તે પદાર્થ તો ચાંડાળવાડામાં પણ દૃષ્ટિએ પડે છે; પણ તમને તેના પર મોહ નથી. કેમકે તેમાં તમે સૌંદર્યતા જોતા નથી. તો પછી સૌંદર્ય ક્યાં છે? સૌંદર્ય એ માત્ર દૃષ્ટિનો વિકારજછે કે કંઇ બીજું છે? હે રાજકુમાર! આ વિષયમાં હું તમને એક પુરાણિક દૃષ્ટાંત કહું છું તે સાંભળો, અને રાજ્યની પ્રજા તે તમારાં પુત્ર–પુત્રી છે એમ માનીને પ્રજાનાં પુત્ર–પુત્રી ઉપર મોહ ન પામતાં તમારા ધર્મનું પાલન કરો.'

એકદા વ્યાખ્યાનની અંદર એક સુશીલ મુનીશ્વર એક વૃદ્ધ શ્રોતાને ઉપદેશ કરવા લાગ્યા કે–'હે અધિકારી જીવ! તું વયમાં આવ્યો છું, તારે ઘેર પુત્ર–પુત્રીઓ છે, તેં સંસાર ભોગવ્યો છે, ખાધું–પીધું છે ને આનંદ કર્યો છે; હવે તું ધર્મને ઓળખી આત્માનું સાર્થક કરી લે.' તે બોલ્યો 'હે મહારાજ! આપનું કહેવું સત્ય છે. આ વૃદ્ધાવસ્થામાં જે સુકૃત્ય થાય તે કરી લેવાની મારી ઘણી ઇચ્છા છે, પણ હજી આ બાલુ નાનો છે, બીમો ઠેકાણે પડ્યો નથી, કન્યાઓનાં સગપણ કરવાં છે, એ બધાં કાર્ય થઇ રહે એટલે ધર્મધ્યાન કરીશ.' ત્યારે મુનિએ કહ્યું–'હે મૂઢ! તે ઉપાધિમાંથી તું મુક્ત થઇશ એટલે બીજી ઉપાધિ વળગશે. એટલામાં તારૂં આયુષ્ય પૂરૂં થશે અને તું જેવો ને તેવો આ લોકમાંથી હાથ ઘસતો ચાલ્યો જઇશ.' મુનિના વાક્ય ઉપર કાંઇ પણ ધ્યાન ન આપતાં તે વૃદ્ધ સંસારની જંજાળમાં ગુંથાયો; અને અનેક પ્રકારની સંસારની ઉપાધિ વેઠતો વેઠતો નરકાધીન થયો.

હે રાજકુમાર! આ જગત્‌ના જીવોને જેવી મમતા સૌંદર્યતા–સંસારની માયા ઉપર છે, તેવી મમતા ધર્મ ઉપર હોય તો તેનું કલ્યાણ થઇ જાય; પણ સંસારના અનેક પ્રકારના સૌંદર્યને વશ થઇને પ્રાણી અનેક પ્રકારની વાસનામાં લપટાયા કરે છે. કોઇ ધનને, કોઇ કીર્તિને, કોઇ ભોગને, સૌંદર્યનું સ્થાન સમજી તેની પાછળ ગાંડા થાય છે. એવા સંસારી રગડામાં પણ જો તેને કોઇ અમૂલ્ય પ્રસંગ પ્રાપ્ત થાય છે અને ચટકી લાગી જાય છે તો તે પોતાના દેહનું અને આત્માનું કલ્યાણ કરી લે છે. જીવને એવા પ્રસંગ મળે તો તે ઝડપવામાં ચુકવું નહિ. પ્રભુકૃપાથી એવા પ્રસંગ આવી મળે છે અને તે પ્રસંગ જવા દેવાથી જીવને હમેશને માટે સંતાપ થાય છે. એટલુંજ નહિ પણ જન્મ જન્મ તે જીવને ચોરાશીના ફેરામાં ભટકવું પડે છે.

હે રાજપુત્ર! તમે મારાપર મોહિત થયા છો તો, કહો, તમે મારામાં વિશેષ શું જોયું? તમને અનેક રાણીઓ છે, તે મારાથી કોઇ પણ રીતે ન્યૂન નથી, પણ અધિક છે. તથાપિ જે સૌંદર્ય જોઇને તમે મારાપર મોહિત થયા હતા એ તમારી દૃષ્ટિનોજ વિકાર હતો, માટે એ વિકાર કાઢી નાખો, એટલે તમે સર્વને સમાન જોશો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કન્યાનું આવું સંભાષણ સાંભળીને રાજપુત્રનાં અજ્ઞાનમય નેત્રપડળ દૂર થઈ ગયાં, હૃદયમાં વૈરાગ્યનો સંચાર થયો અને તે વખતથી પોતાની પ્રજાના પુત્ર-પુત્રીને સમદૃષ્ટિથી જોવા લાગ્યો. આ પ્રમાણે રાજપુત્રને સન્માર્ગે ચડાવી તે ધર્મશીલા પોતાને ઘેર ચાલતી થઇ.

ઘણા કાળ સુધી રાજ્યનું સુખ ભોગવ્યા પછી તે કુમારના મનમાં થયું કે-'મેં આ સંસારમાં જન્મ ધરી દેહનું સાર્થક કાંઇ કર્યું નહિ, માટે કોઈ જ્ઞાની મહાત્માનો સમાગમ થાય તો તેની આગળથી ધર્મશ્રવણ કરી દેહનું કલ્યાણ કરવાની પેરવી કરૂં.' આવો વિચાર અહોનિશ તેના મનમાં થયા કરતો હતો, તેવામાં પૂર્વ પુણ્યના ઉદયથી તેજ નગરમાં એક વૃદ્ધ મુનિરાજનું આગમન થયું. તે શુભ સમાચાર સાંભળીને રાજકુમાર તેના દર્શનાર્થે ગયો અને વિધિપૂર્વક વંદના કરી બે હાથ જોડીને અરજ કરવા લાગ્યો કે-'હે દયાળુ! મારા આત્માનું કલ્યાણ થાય એવી પેરવી બતાવો કે જેથી મારે આ સંસારમાં અથડાવું બંધ થાય.' મહાત્મા બોલ્યા-"હે ભદ્ર! આ સંસારને વિષે મનુષ્ય માત્રને કંચન અને કામિની દુઃખનું કારણ છે. મહા સમર્થ પુણ્યશાળી જીવ કંચન અને કામિનીનો ત્યાગ કરે છે. તેમાં પણ જે મનની વાસનાનો ત્યાગ કરે છે તે જ શ્રેષ્ઠ છે. એક સ્ત્રી જન્મથી કુંવારી હતી, તેણે સાઠ વર્ષનું આયુષ્ય બ્રહ્મચર્યમાં વિતાડ્યું. પુરૂષનો સંગ તો શું પણ તેના અંગના રંગનો પણ સંકલ્પ તેને થયો નહોતો, પણ તેનામાંથી વાસનાનો નાશ થયો નહોતો. કર્મયોગે તે માંદી પડી ને આસપાસના મનુષ્યો વૈદને લાવ્યા. તે બ્રહ્મચારિણી સ્ત્રી પુરૂષનો સ્પર્શ કરતી ન હોવાથી તેને પડદામાં બેસાડી હાથે દોરી બાંધી તે દોરીનો છેડો વૈદ્યને આપ્યો અને વૈદ્યે દોરી ઝાલતાં તે બ્રહ્મચારિણીના શરીરને ઠંડક વળે એવી ભાવના કરી. તે ભાવના બ્રહ્મચારિણીને ફળી. તેને શાંતિ વળી પણ તેજ ક્ષણે તે સ્ત્રીના હૃદયાકાશમાં એવી વાસના જન્મી કે 'હાથે બાંધેલી દોરીદ્વારા મને પુરૂષનો સ્પર્શ થતાં આટલી શાંતિ વળી તો જે સ્ત્રીઓ સદાકાળ પુરૂષનો સ્પર્શ કરતી હશે તેને કેટલી શાંતિ વળતી હશે?' આ વિચારમાં ને વિચારમાં તેનું અવસાન થયું ને તેને વેશ્યાનો જન્મ ધરવો પડ્યો. તાત્પર્ય કે કનક અને કામિની તો તજાય છે પણ મનની વાસના તજવી મહા દુર્લભ છે. હે રાજકુમાર! અશુભ વાસનાનું ફળ હમેશાં અશુભજ હોય છે, માટે અહોનિશ શુભ વાસનાની ભાવના કરવી એ ઉત્તમ પુરૂષનું લક્ષણ છે."

આ પ્રમાણે મુનિનો બોધ સાંભળતાં તે રાજકુમારની વૃત્તિ નિર્મળ થઇ, સંસાર ઉપરની દરેક ચીજ ઉપરથી તેનો મોહ નાશ પામ્યો અને તે અરિહંતના ધ્યાનમાં તલ્લીન થવા લાગ્યો. ક્રમેક્રમે વ્રત પચ્ચખાણાદિક નિયમો વડે આયુષ્ય પૂરૂં કરીને તે દેવલોકનાં સુખને પ્રાપ્ત થયો. **અમીચંદ કરશનજી શેઠ.**

વીશળહડમતીયા ( જુનાગઢ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી સિદ્ધાચળનાં ૧૦૮ નામો.

( એક પ્રાચીન પત્ર ઉપરથી )

૧ શત્રુંજય.
૨ પુંડરગિરિ.
૩ સિદ્ધક્ષેત્ર.
૪ મહાબળ.
૫ સુરશૈલ (ગિરિ)
૬ વિમળાચળ.
૭ પુણ્યરાશી.
૮ લક્ષ્મીસ્થાન.
૯ પર્વતેંદ્ર.
૧૦ સુભદ્ર.
૧૧ દ્રઢશક્તિ.
૧૨ અકર્મક.
૧૩ મુક્તિગેહ.
૧૪ મહાતીર્થ.
૧૫ શાશ્વતગિરિ.
૧૬ સર્વકામદ.
૧૭ પુષ્પદંત.
૧૮ મહાબળ.
૧૯ જિનસ્થાન.
૨૦ પાતાળમૂળ.
૨૧ કૈલાસગિરિ.
૨૨ પ્રીતિમંડણ.
૨૩ મેરૂમહીધર.
૨૪ સુભદ્ર.
૨૫ વિલાસભદ્ર.
૨૬ મુક્તિરાજ.
૨૭ મહાનંદ.
૨૮ કર્મસૂદન.
૨૯ અકલંક.
૩૦ સૌંદર્ય.
૩૧ વિભાસ.
૩૨ અમરકેતુ.
૩૩ મહાકર્મસૂદન.
૩૪ મહોદય.
૩૫ રાજરાજેશ્વર.
૩૬ ઢંકગિરિ.
૩૭ માલ્યપર્વત.
૩૮ સુરગિરિ.
૩૯ આનંદમંદિર.
૪૦ મહાજસ.
૪૧ વિજયભદ્ર.
૪૨ ઢંકગિરિ.
૪૩ અનંતશક્તિ.
૪૪ વિજયાનંદ.
૪૫ મહાતીર્થ.
૪૬ શાશ્વતતીર્થ.
૪૭ મહાશૈલ.
૪૮ ભદ્રંકર.
૪૯ મહાપર્વત.
૫૦ અજરામર.
૫૧ મહાપીઠ.
૫૨ સુદર્શન.
૫૩ ચર્ચગિરિ.
૫૪ ક્ષેમંકર.
૫૫ દ્રઢશક્તિ.
૫૬ શિવંકર.
૫૭ કેવળદાયક.
૫૮ કર્મક્ષય.
૫૯ જ્યોતિષેશ.
૬૦ હેમગિરિ.
૬૧ નગાધિરાજ.
૬૨ અચળ.
૬૩ અભિનંદન.
૬૪ સુવર્ણગિરિ.
૬૫ પરમબ્રહ્મ.
૬૬ મહેંદ્રધ્વજ.
૬૭ વિશ્વાધીશ.
૬૮ કદંબ ( ક )
૬૯ મહીધર.
૭૦ હસ્તીકલ્પ.
૭૧ સિદ્ધાચળ.
૭૨ પ્રિયંકર.
૭૩ દુઃખહર.
૭૪ જયાનંદ.
૭૫ આનંદઘર.
૭૬ યશોધર.
૭૭ સહસકમળદળ.
૭૮ વિશ્વપ્રભાકર.
૭૯ તમોનિકંદન.
૮૦ વિશાળ.
૮૧ હરિપ્રિય.
૮૨ સુરકાંત.
૮૩ પુણ્યકોષ.
૮૪ વિજયગિરિ.
૮૫ ત્રિભુવનપતિ.
૮૬ વૈજયંત.
૮૭ જયંત.
૮૮ સર્વાર્થસિદ્ધ.
૮૯ ભવતારણ.
૯૦ કર્મક્ષય.
૯૧ પુરૂષોત્તમ.
૯૨ કયંબુ.
૯૩ લોહિતાક્ષ.
૯૪ મણિકાંત.
૯૫ પ્રત્યક્ષગિરિ.
૯૬ ઋષિવિહાર.
૯૭ ગુણકંદ.
૯૮ ગજચંદ્ર.
૯૯ જગતારણ.
૧૦૦ અનંતશૈલેશ.
૧૦૧ નગશ્રેષ્ટ.
૧૦૨ સહજાનંદ.
૧૦૩ સુમતિગિરિ.
૧૦૪ અભય.
૧૦૫ ભવ્યગિરિ.
૧૦૬ શ્રેષ્ટગિરિ.
૧૦૭ સિદ્ધક્ષેત્ર.
૧૦૮ તાલધ્વજગિરિ.

નોટ—ઉપર પ્રમાણેનાં ૧૦૮ નામોમાં સિદ્ધક્ષેત્ર, સુરગિરિ, સુભદ્ર, મહાબળ, ઢંકગિરિ, મહાતીર્થ, દ્રઢશક્તિ અને કર્મક્ષય—આ આઠ નામો બેવાર આવેલાં છે, તેનું કારણ સમજી શકાતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. એ આઠ નામ બાદ કરતાં બાકીના ૧૦૦ નામો પૈકી નંબર ૮–૧૯–૩૨–૩૯––૪૬–૪૯–૫૨–૬૧–૬૫–૬૯–૭૮–૮૧–૮૪–૮૫–૮૬–૯૨–૯૫–૯૬–૧૦૦–૧૦૧ આ વીશ નામો પંડિત વીરવિજયજી કૃત નવાણુ પ્રકારી પૂજામાં તેમણે આપેલા ૯૯ નામોમાં નથી. બાકીના ૮૦ નામો પં. ઉક્ત પૂજા માંહેના ૯૯ નામો પૈકી બાહુબળિ, મરૂદેવ, રૈવતગિરિ, સિદ્ધરાજ, ભગિરથ, ... કોટીનિવાસ, શતપત્ર, આનંદ, શ્રીપદ, સિદ્ધશેખર, પૃથ્વીપીઠ, સહસપત્ર, ઉજ્જ્વળગિરિ, ..., ઈંદ્રપ્રકાશ, કપર્દીવાસ, મુક્તિનિકેતન, અષ્ટોત્તર શતકૂટ–આ ૧૯ નામો ઉપરના ૧૦૮ નામોમાં નથી. આટલી હકીકત ઉપરથી કયા ૧૦૮ નામ ચોકસ ગણવા તેનો નિર્ણય થઇ શકતો નથી.

આ ૧૦૮ નામોમાં ને પૂજામાંહેના ૯૯ નામોમાં નીચે જણાવેલા ( ૧૨ ) નામો સહજ ફેરફારવાળા છે.

| | | |
|---|---|---|
| પર્વતેંદ્ર–પર્વતરાજ. | મુક્તિગેહ–મુક્તિનિકેતન. | સર્વકામદ–કામુકકામ. |
| મહાશૈલ–મહાગિરિ. | જ્યોતિષેશ–જ્યોતિરૂપ. | વિશ્વાધીશ–વિશ્વાનંદ. |
| હસ્તિકલ્પ–હસ્તગિરિ. | તમોનિકંદન–તમોકંદ. | પુણ્યકાય–પુણ્યકંદ. |
| | અભય–અભયકંદ. | સુવર્ણગિરિ–કંચનગિરિ. |

# "जुहार" शब्दनो उहापोह.

મી. દફતરી "જુહાર" શબ્દનો અર્થવિષયક ખુલાસો કરતાં 'જૈનધર્મ પ્રકાશ'ના ગત આષાઢના અંકમાં બે દોહરાઓ આપણી સમક્ષ રજુ કરે છે. જેનું રચનાધિપત્ય ખુલાસાની પદ્ધતિ જોતાં અને ઉપરાંત પોતાનું નથી એવી જરૂરી સ્પષ્ટતાના અભાવે તેમની કીર્તિસ્પૃહાને માન આપી રાજીખુશીથી તેમનું પોતાનું સ્વીકારીશું. તેમના ઉપર શક લઇ જવાનો જોકે આપણને સબબ નથી અને બીજાનું હોવા વિષે આપણી પાસે પૂરાવા તૈયાર નથી તો તેમને માન આપવાને છેવટે ઉક્ત નિર્ણય ઉપર આવવાની આપણને ફરજ પડે છે.

મી. દફતરી ગુજરાતી છે પણ તેમના દોહરા હિન્દીમાં લખાયેલા છે. પોતાના અર્થને શાસ્ત્રીયરૂપ આપવાનું આ તેમનું મથન જરા વિચિત્ર છે. વળી તેઓ જણાય છે જૈન, પણ પોતાના ભેદહર ભેદનો સ્ફોટ નીચે પ્રમાણે કરે છે.

જુ જાસેં જુગદીશ હુય, હ હો મેં હરિ સાર;
ર રામેં રામ નામ હુય, તાકો નામ જુહાર.

માનો આ તેમનો અર્થસ્ફોટ કોઇ અલક્ષ્ય પદાદિ સૂચક અલ્પાક્ષરાનુસારિણી નિરુક્તિજ મનાવ ! .આશ્ચર્ય એ છે કે આમાં કોઇ સંગતિ માલુમ પડતી નથી. સ્વર–વ્યંજન જુદા થઇને અક્ષરાનુસરણ કરેલું ગણીએ તો તેવા પાંચ અનુસરણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ, પણ અત્ર તો ત્રણ છે. સ્વરયુક્ત વ્યંજનના અનુસરણો સ્વીકારીએ તો ત્રણની સંખ્યા મળે છે પણ તેમાં પદાદિ મૂળનો પ્રતિબોધ થતો નથી. જુ માંથી " જુગદીશ " નીકળ્યો પણ અસલ શબ્દ " જગદીશ " છે. ( કદાચ સંસ્કૃત ' જગદીશ ' નું હિન્દીરૂપ ' જુગદીશ ' ગણી કામ લેઇ શકાશે. ) हा માંથી " હરિ " નીકળ્યો. પણ हा ગર્ભિત કાનાનો ખુલાસો થતો નથી. र માંથી " રામ " નીકળ્યો પણ " રામ " માં કાનો ઉમેરાયેલો છે. નિયમની જોડે તે સંગત નથી.

પણ આ બધી કલ્પનાઓની આપણને ભાગ્યેજ દરકાર છે. આ અર્થસ્ફોટને નથી વ્યુત્પત્તિ શાસ્ત્રનો ટેકો, નથી કોઇપણ વ્યાકરણ ગ્રંથની સંમતિ. આમાંનું કાંઇ હતે તો તેઓ જૈન હોવા છતાં તેમના અજૈન અર્થસ્ફોટને માટે આપણે તેમને ઉપાલંભ આપવાનું કારણ પ્રાપ્ત થાત નહિ. જે રીતે ખુલાસો કરવામાં આવ્યો છે તે રીતે જોતાં તેમાં શાસ્ત્રીયનિરૂપણ નથી પણ મતિકલ્પનાજન્ય વિલાસમાત્ર છે અને એવી રીતે તો કોઇ પણ શબ્દને ઇષ્ટસિદ્ધિને અનુરૂપ બનાવી શકીએ. જુઓ—

**ह हा હરિ પીછાણિયે, र રામે રામ નામ;**
**म રમા મહાદેવ જાણિયે, તાકો નામ हराम.**

આવી રીતે બળદ–શ્વાન–ગધેડો ઇત્યાદિ હરકોઇ શબ્દ માટે બની શકે. જુઓ–**બળદ.**

**बબ્બા બંધુ બળદેવના, ळळ્ળા લક્ષ્મીપતિ જાણ;**
**ददा દાનવને દળે, बळद કૃષ્ણ પ્રમાણ.**

એ ખરૂં છે કે સંસ્કૃતમાં શબ્દના પ્રત્યેક અક્ષરના અર્થનો વિસ્તાર કરી મનોવાંછિત ઇષ્ટાર્થ કાઢવાનો પ્રચાર છે, પણ વ્યુત્પત્તિ અને કોશના પ્રખર આધારવિના તેમ થઇ શકતું નથી. જુહારના પ્રત્યેક અક્ષરોમાંથી જે અર્થો કાઢવામાં આવ્યા છે તેને કોઇ શબ્દાનુશાસનનો કે કોઇ કોશનો આધાર નથી. પ્રાચીન સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથોમાંથી કોઇ આધાર મળી શકે તો " જુહાર " શબ્દ અસલ કયા સંસ્કૃત શબ્દ ઉપરથી ઉત્પન્ન થયો હોવો જોઇએ તેનો નિર્ણય કરવામાં વિચારસરણિને કાંઇક મદદ મળી શકે, તો તેવા પરિચયીઓ તેવું કાંઇક શોધી કાઢે એવું આપણે ઇચ્છીશું.

" જુહાર " શબ્દ અને " જુહારવું " શબ્દ આમ નામ અને ક્રિયાપદનાં બંને રૂપે આ શબ્દ પ્રચલિત છે, અને તે શબ્દ સેંકડો વર્ષથી પત્રવ્યવહારમાં " જુહાર વાંચજો–જુવાર વાંચજો–જવાર વાંચજો–ઝવાર વાંચજો " આવી જાતની વિવિધતાથી વપરાતો આવે છે. સામાન્ય સમજ એવી છે કે એનું ક્રિયાપદરૂપ ભેટવાના અર્થમાં છે; આ શબ્દ જૂના ગુજરાતી સાહિત્યમાં પણ પ્રવેશ પામેલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે દિન ક્યારે આવશે, શ્રી સિદ્ધાચલ જાશું;
ઋષભજિણંદ જુહારીને, સુરજકુંડમાં ન્હાશું. તે૦ ૧

સિદ્ધાચળનું સ્તવન. ( ઉદયરત્ન કૃત )

જેસલમેર જુહારિયે, દુઃખ વારિયે રે;
અરિહંત બિંબ અનેક, તીરથ તે નમું રે.

તીર્થમાળા સ્તવન. ( સમયસુંદર કૃત )

આમ વધુ તપાસ કરતાં સમયસુંદર અને ઉદયરત્ન કરતાં પણ અતિશય પ્રાચીન વપરાશ શોધકોને સહજ મળી આવશે.

એક કલ્પના એવી સાંભળેલી મને યાદ છે કે “ જુહાર ” શબ્દની ઉત્પત્તિ “ જયવરાહ ” ઉપરથી થયેલી હોવી જોઇએ. વરાહ એટલે ભુંડ કે ડુક્કર. આ વરાહ હિન્દુધર્મમાં મનાયેલા ચોવીશ અવતારો પૈકી એક કે જેમાં તેમના ભગવાને ડુક્કરનો અવતાર ધારણ કરેલો તેને ઉદ્દેશીને બતાવવામાં આવે છે. પણ દેવદેવીઓ અને મહાન્ પુરૂષોને તજીને એક જનાવરનું નામ આટલી હદે પ્રિયતા પામે તે તદ્દન અસંભવિત છે. ડુક્કરનો અવતાર રામકૃષ્ણાદિની જેમ મનુષ્યસૃષ્ટિ વચ્ચે ભજવી બતાવવામાં આવ્યો નહોતો કે જેથી તે અવતાર રામકૃષ્ણાદિની માફક મનુષ્યસૃષ્ટિમાં હરહંમેશ ઉપયોગમાં આવવાને આવું જાથુકનું રૂપ લઈ શકે. વળી જેવી રીતે રામકૃષ્ણાદિને વિશિષ્ટરૂપતાએ માનનારા વર્ગો અસ્તિત્વ ધરાવે છે, તેવી રીતે વરાહને વિશિષ્ટતાએ માનનારો એવો કોઈ વિશિષ્ટ વર્ગ નથી કે જેમ તે તે વિશિષ્ટવર્ગો “ રામ રામ ” “ જેશ્રીકૃષ્ણ ” ઇત્યાદિ રૂપોએ વ્યવહાર ચલાવે છે તેવી રીતે “ જયવરાહ ” એ રૂપે વ્યવહાર ચલાવવાનું ધોરણ સ્વીકાર્યું હોય. તેને એવો કોઈ ઐતિહાસિક ટેકો પણ નથી. તેથી “ જુહાર ”નો ઉપયોગ કરનારા વરાહને વિશિષ્ટતાએ માનનારા તરીકે સિદ્ધ થાય તેમ નથી.

મી. દફ્તરીના દોહરામાં “ જુહાર જુહાર બણિક કહે ” બતાવ્યું છે, તો તેનો વપરાશ વણિક કોમમાં છે એવું સિદ્ધ છે, એટલે આપણે બીજી કોમનો વિચાર કરવાનું ઓછું રહે છે. વણિક પૈકી વૈષ્ણવોમાં “ જેગોપાળ ” વિશાળ રૂપે પ્રચલિત છે. “ જુહાર ”નો ઉપયોગ કરનારા મોટે ભાગે સર્વત્ર જૈનો જ દૃષ્ટિગોચર થાય છે. આમ છતાં મી. દફ્તરીની કલમથી અજૈન અર્થસ્ફોટ થાય છે તે ખરેખર આશ્ચર્યજનક છે. આપણને આ કૃતિ મી. દફ્તરીની નથી એવી શંકા ઉઠાવવાનો હક નથી, પણ જો તેવો હક હોત તો ખરેખાત! આપણે તો એમજ કલ્પના કરત કે ગુજરાતમાં હિન્દી જબાન વાપરીને ફરતા અને રૂદ્રસ્વરૂપથી બાળકોને બીવડાવતા કોઇ ગંજેરીબાવાના અંગો લગાવેલા અગ્નિ અને ભસ્મયુક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાને ગાંજાખોરીથી કે વિવિધ ઐહિક આશાઓથી કે વિવિધ કારણોથી ભેગી મ- ળેલી ટોળીમાંથી કુતૂહળ શાંતિને માટે કોઇએ કરેલા પ્રશ્નના જવાબ તરીકે ઉક્ત બાવાએ ઉક્ત દોહરાઓ અડાવી દીધેલા; તે દોહરાઓ કર્ણોપકર્ણ મી. દફ્તરીની હડફેટે ચડતાં નધણીઆતા માલનો આયતો લાભ મેળવવાના સર્વોત્તમ માર્ગ તરી- કે બે ત્રણ વર્ષે પણ તેઓ બહાર પડ્યા હોવા જોઇએ. પણ તે દોહરાઓ વણિક- કોમમાં જૈનધર્મની વ્યાપ્તિની માન્યતાના સબબે 'જુઓ વણિક લોક (જૈનો) પણ આપણાજ રામકૃષ્ણ અને શંકરને માને છે' એવી પોતાના ભક્તો પાસે વડાઇ લેવા કે એ પણ બધું આપણામાંથીજ થયું છે ને અસલ આપણું જ છે એમ પોતાનો તડાકો લગાવવાજ અડાવી દીધેલા હોવા જોઇએ, એવું મી. દફ્તરીના ખ્યાલમાં રહ્યું નહિ હોય. અસ્તુ. જુહારનો બહોળો ઉપયોગ જ્યારે જૈનોમાં જ જોવામાં આવે છે, ત્યારે તો જુહારની ઉત્પત્તિ "જયવરાહ"માંથી નજ હોય એમ નિઃસં- શય કબુલ કરવું જોઇએ. કારણકે જૈનધર્મની ઉત્પત્તિ અસંખ્ય વર્ષથી અને સર્વ ધર્મોની અગાઉ હોવા છતાં તકરારની ખાતર તેમાં કોઇ વિક્ષેપ લાવે તો પણ ગુજ- રાતી ભાષાની ઉત્પત્તિ કરતાં તો જૈનધર્મની ઉત્પત્તિ અતિ ઘણી પ્રાચીન છે એ નિર્વિવાદ છે એટલે જૈનો સંસ્કૃત–પ્રાકૃત અને ગુજરાતીના રૂપાંતરોના સાક્ષીભૂત હોવા જોઇએ એ કબુલ કરવુંજ પડશે. એટલે સંસ્કૃત "જયવરાહ"માંથી "જુહા- ર"નું રૂપાંતર થયું હોય તો જૈનોની નજર સમક્ષ થયું હોય અને ત્યારે તો તે પો- તાના આવી રીતના નિત્ય વપરાશમાં તેનો ઉપયોગ કરવાનું કદિ પણ સ્વીકારેજ નહિ એ સ્પષ્ટ થાય છે. આથી તેની ઉત્પત્તિરૂપ કાંઇ અન્ય હોવું જોઇએ અને તે જૈનાનુકૂળ હોવું જોઇએ.

"જુહાર" શબ્દની ઉત્પત્તિની મારી કલ્પના નીચે પ્રમાણે છે.

૧ जय अर्हन् ( અરિહંત ! જય પામો ! ) નો जयार्हन् તેમાંથી અંત્ય न् નીકળી જવામાં કાંઇ હરકત નથી. य् નો લોપ થઇ જાય. जआर्ह "ह" અન્ય અલ્પ પ્રાણ न તેની પાસે જઇ મહાપ્રાણ કરવાના અને આગળ પાછળ અનુકૂળ સ્થળે ઉ- ડવાના બનાવ બહુ સ્થળે જોવામાં આવે છે. જુઓ अम्हकेर=હમારૂં ( હિન્દી હ- મેરા), કહાડવું=કાઢવું, अहुणा=હમણા–હવણા, घट् ધાતુનાં તૃતીયાના એકવચન- માં घडइ–गढइ એમ બે આદેશ પ્રાકૃતમાં થાય છે. આમાં બીજું રૂપ આનુંજ ઉ- દાહરણ છે. घडइ=गह्अड्अइ આમાંથી "ह" ग् ની પાસેથી ड् ની પાસે મૂકતાં ग्अड्ह्अइ=गढइ એવું રૂપ થાય છે. આ બીજું રૂપ ગુજરાતીમાં સ્વીકારવામાં આવેલું જણાતું નથી. ઇત્યાદિ સેંકડો દૃષ્ટાંત છે. આ પ્રમાણે जहार અને એ ઉ- પરથી जुहार થયો હોય. આ સ્થળે નોંધવું અગત્યનું છે કે "જુહાર" શબ્દનું નામરૂપ એકજ છે, પણ ક્રિયાપદનાં રૂપ એકજ ભેદવાળા અર્થમાં "જુહારવું"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને "ઝારવું" આમ બે છે. (ઉ૦ આજ અમુક દેરાં ઝાર્યાં) આથી **जुहार**નાં "જુહારવું" અને "ઝારવું" એમ બે રૂપ થઇ શકે છે. અને "ઝારવું" શબ્દ ઉપરથીજ जयार्हन् મૂળભૂત હોવું જોઇએ એ કલ્પના મજબુત થાય છે. આ ખુલાસો "જયવરાહ"માંથી નીકળી શકે તેમ નથી. जय अर्हन् (અરિહંત ! જય પામો !) એ મૂળ અર્થમાંથી રૂઢ અર્થ "ભેટવું" થવામાં શબ્દનો જે રીતે વપરાશ થાય છે તે રીતે જોતાં અર્થની કાંઇ અસંગતિ નથી.

૨ जयव्याहार (જયોક્તિ) ઉપરથી "જુહાર" થયો હોય.

૩ जयारव (જય શબ્દ) ઉપરથી જવાર—જુવાર—જુહાર થયો હોય. આ ઉપરથી તેનો અર્થ નીચે પ્રમાણે નીકળી શકે. 'અમુકના જુહાર વાંચજો' એટલે મૂળ અર્થ (૧) અરિહંત જય પામો એમ વાંચજો, અર્થાત્ જયજિનેંદ્ર વાંચજો. અથવા (૨—૩) 'તમારો જય થાઓ' એમ વાંચજો, એમ થાય.

હું પ્રભુને જુહારવા—ઝારવા ગયો હતો. આપણે જાણીએ છીએ કે દેરાસરમાં પ્રભુ પાસે જઇ આપણે 'તમારો જય થાઓ' ઇત્યાદિ સ્તુત્યાત્મક 'જય' શબ્દ વારંવાર વાપરવાની પ્રથા છે એટલે તમારો જય થાઓ અથવા અરિહંત જય પામો એવો જેમાં ભાવ છે એવી ક્રિયા કરવા ગયો હતો એમ ઉપરના વાક્યનો મૂળ અર્થ નીકળે.

આ મૂળ અર્થ ઉપરના ત્રણે ઉત્પત્તિસ્થાનને અનુકૂળ છે. ઉપરોક્ત ક્રિયા અને ભેટવાની ક્રિયામાં સમાનતા અર્થાત્ સહગામીપણું છે, એટલે તેનો રૂઢ અર્થ ભેટવામાં પરિણત થવામાં બીલકુલ નિર્બાધપણું છે.

સંઘવી કેશવલાલ નાગજીભાઇ—સાણંદ

## धर्माधिराजनी आराधना शी रीते थइ शके ?

શ્રી તીર્થંકર મહારાજની આજ્ઞાને સહેતુક સારી રીતે સમજી તેના ઉપર પૂર્ણ શ્રદ્ધા—વિશ્વાસ રાખી યથાશક્તિ તેનું પાલન કરવા પ્રમાદરહિત પ્રયત્ન કરવાથીજ. તીર્થંકર દેવે સહુને પોતપોતાના અધિકાર મુજબ—યોગ્યતા અનુસારે ધર્મસાધન કરવા ફરમાન કરેલ છે. એકાન્ત વિધિ નિષેધ કરેલા નથી, પણ જે કંઇ સમય-પરત્વે વિધિ યા નિષેધ કરવાનું પ્રાપ્ત થાય ત્યારે તો લગારે દંભ—બાહ્યાડંબર કર્યા વગર સરલ સ્વભાવેજ કરવાં જોઇએ.

સહુની શક્તિ કે સ્થિતિ એક સરખી હોઇ ન શકે, તેથી સહુ કોઇ એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરખી રીતે વિધાન કરે એવી આશા રાખી નજ શકાય. પરંતુ તે જે કંઈ સમયાનુકૂળ કરી શકે તે તદ્દન સરલતાથી–લગાર પણ માયા કપટ સેવ્યા વગર કરે એવી આશા તો સહુ કોઇ સજ્જનો તરફથી સુખેથી રાખી શકાય.

કલ્યાણ પણ એવા સરલ સ્વભાવીનુંજ થઇ શકે.

એક સાધુ આકરી તપસ્યા કરતો હતો છતાં બીજા શિથિલ સાધુની નિંદા–બદબોઇ કરતો હતો, ત્યારે તે શિથિલ આચારી સાધુ તો દ્રઢ ગુણાનુરાગથી આકરી તપસ્યા કરનાર સાધુના કેવળ ગુણગાન જ સરલ સ્વભાવે કરતો હતો. આકરી તપસ્યા કરનારો મદ અહંકારવડે બીજાની નિંદા કરીને સઘળું ફળ હારી ગયો ત્યારે બીજો શિથિલાચારી છતાં સરલ સ્વભાવી અને કેવળ ગુણાનુરાગી હોવાથી સહજમાં તરી ગયો.

એ ઉપરથી સજ્જનો ધારે તો બહુ સુંદર બોધ મેળવી શકે. જે ગુણ પોતાનામાં હજુ પ્રગટ થયેલ ન હોય તેવો ગુણ પોતાનામાં અણછતાં તેનો મિથ્યાડંબર કરવાથી તેમજ નજીવા ગુણથી ફૂલાઇ જઇ તેનો મદ–અહંકાર કરવાથી અને બીજાના છતા ગુણ છુપાવવા અને પોતાના અવગુણ ઢાંકવા વ્યર્થ પ્રયત્ન કરવાથી–તેમ કરનાર ગમે તેટલી કષ્ટકરણી કરે તોપણ તે નકામી–નિષ્ફળ થઇ પડે છે. વળી પોતે વિશિષ્ટ તપસ્યા કરી શકતો ન હોય, પરંતુ જો તે દ્રઢ ગુણાનુરાગી હોય તો તેનો વ્હેલો પાર આવી શકે છે.

સાર એ છે કે દરેક ધર્માર્થી જીવે સદ્ગુણાનુરાગી તો અવશ્ય થવું ઘટે છે. દ્રઢ સદ્ગુણાનુરાગવડે અપૂર્વ ગુણો પ્રગટ થાય થાય છે અને પ્રગટ થયેલા ગુણો પુષ્ટ થાય છે. ગુણાનુરાગ દ્રષ્ટિથી ગુણજ દેખાય છે અને દોષદ્રષ્ટિથી દોષ જ દેખાય છે. જેમને ગુણનો જ ખપ હોય તેમણે દોષદ્રષ્ટિનો સર્વથા ત્યાગ જ કરવો જોઇએ. મધ્યસ્થ દ્રષ્ટિવાળા સજ્જનો એકજ ઉત્તમ સાધ્ય રાખી, ગમે તે ઉપાયે સહેજે સ્વહિત સાધી શકે.

જૂદે જૂદે માર્ગે વહન કરનારી નદીઓ છેવટે સમુદ્રને જ મળે છે, તેમ સમદ્રષ્ટિ સજ્જનો પણ છેવટે મોક્ષસુખ મેળવે છે. તે મોક્ષસુખ મેળવવાના શાસ્ત્રકારે અસંખ્ય યોગ–સાધન–ઉપાય કહ્યા છે. તેમાંથી જે માર્ગ જેનાથી આદરી શકાય તે બીજા કોઇની નિંદા કર્યા વગર સરલ સ્વભાવે આદરવાથી અને બીજાના ગુણની અનુમોદના–પ્રશંસા કરવાથી અવશ્ય મોક્ષદાયક થાય છે. ઇતિશમ્. સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सांवत्सरिक खामणानी जूनी रीत.

મનથી, વિચારથી, વચનથી અને કાયાથી, રાગથી કે દ્વેષથી અથવા કોઇ પણ પ્રકારે પરપ્રાણીને પીડા કરી, કરાવી કે અનુમોદી હોય તેના પાપથી છુટવા માટેજ પ્રતિક્રમણની પ્રક્રિયા ચાલુ થયેલી જણાય છે. કેમકે અજિતાદિક બાવીશ તીર્થંકરના સમયમાં કંઈક અતિચારાદિક સ્ખલના થાય તોજ પ્રતિક્રમણ કરવાની મર્યાદા હતી. તે પણ પ્રાય: દિવસ અને રાત્રિ સંબંધીજ ( પાક્ષિકાદિક નહિ ), ત્યારે પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને તો અતિચારાદિક લાગે કે નહિ તો પણ પ્રતિક્રમણ કરવાનીજ મર્યાદા બતાવી છે. તે પણ અનુક્રમે પાંચે. આ રીતે જૂદી મર્યાદા હોવાનું કારણ પણ એજ લાગે છે કે એકબીજાનો સ્વભાવ ફેર છે.

બાવીશ પ્રભુના સાધુઓ **ઋજુપ્રાજ્ઞ** એટલે સરલ સ્વભાવી અને ચકોર સમયજ્ઞ હોય છે, ત્યારે પ્રથમ પ્રભુના **ઋજુજડ** એટલે સરલ સ્વભાવી છતાં દુર્બોધ અને છેલ્લા પ્રભુના સાધુઓ તો **વક્રજડ** એટલે વાંકા માયાવી અને મૂર્ખપ્રાય, દુર્બોધ અને શિથિળાચારી હોય છે. એથી એમને પોતાની ભૂલ ભાગ્યેજ સમજાય છે અને જ્યારે તે ભૂલ પૂરી સમજાતીજ નથી તો તે તત્કાળ સુધારી શકાયજ કેમ? આવા હેતુથી તેમને માટે પ્રતિક્રમણ ક્રિયા ફરજીયાત રાખવામાં આવી છે. આમ છતાં આપણે પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ કે, તેની જોઇએ એવી સાર્થકતા આપણા વક્રજડ સ્વભાવથી થઇ શકતી નથી. મંદ કષાયવાળો જીવ તો પોતાની ભૂલ તરત સમજીને તે સુધારી શકે છે, પરંતુ ઉગ્ર કષાયવાળો તેમ કરી શકતો નથી. તેમને તો પોતાની ભૂલ સમજવાનું અને સુધારવાનું બંને મુશ્કેલજ છે.

દિવસની થયેલી ભૂલ દૈવસિક પ્રતિક્રમણ કરતાં અને રાત્રિ સંબંધી ભૂલ રાત્રિકપ્રતિક્રમણ કરતાં સુધીમાં યાદ લાવીને સુધારી લેવી એ ઉત્તમ વાત છે. તેમ કદાચ કષાયવશ બની ન શકે તો પાક્ષિક પ્રતિક્રમણ કરતાં સુધીમાં સ્વભૂલ સમજી સુધારી લેવાય તો તે સંજ્વલન નામનો મંદ કષાય લેખી શકાય.

ત્યાંથી આગળ વધી ચાતુર્માસિક ( ચઉમાસી ) પ્રતિક્રમણ સુધીમાં ખમાવી લેવાય તો તે પ્રત્યાખ્યાની નામનો તીવ્ર–આકરો કષાય જાણવો. ત્યાંથી આગળ છેવટે સાંવત્સરિક ( વાર્ષિક ) પ્રતિક્રમણ કરતાં સુધીમાં ખમાવી લેવાય તો તે અપ્રત્યાખ્યાની નામનો તીવ્રતર–અતિ આકરો કષાય જાણવો. પરંતુ ત્યારે પણ રોષ રાખી મનનો આમળો મૂકે નહિ, પરસ્પર ખમે–ખમાવે નહિ તો તે તીવ્રતમ–ઉત્કૃષ્ટ કષાય જાણવો. આવા જીવો પ્રાય: કૃષ્ણપક્ષિયા હોઇ નીચગતિગામી જાણવા. અને જેઓ સરલ સ્વભાવે પોતાની ભૂલ સમજી કબુલ કરી એકબીજાને ખમે–ખમાવે તે શુકલપક્ષિયા હોઇ ઉચ્ચગતિગામી જાણવા. સ. કે. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैनोमां केळवणी.

## જૈન શુભેચ્છકોને એક વિનંતિ.

રા. નરોત્તમ બી. શાહ તરફથી ઉચ્ચ કેળવણીમાં જૈનકોમ કેટલી પછાત છે? તે બાબત ઉપર જૈનકોમનું અને તેના શુભચિંતક નેતાઓનું લક્ષ ખેંચવા એક પેંફ્લેટ–પત્રિકા ઇંગ્લિશ ભાષામાં હમણાજ બહાર પાડવામાં આવી છે. તે પત્રિકામાં ચર્ચેલ કેટલીક વિગતો બહુ ઉપયોગી–ધ્યાન ખેંચવા લાયક હોવાથી અમારા વાંચકોની જાણ માટે તેનું ભાષાંતર અમો અત્રે પ્રકટ કરીએ છીએ:—

કેળવણી મનુષ્યમાત્રનું ઉચ્ચ ભૂષણ છે, મનુષ્યની ઉન્નતિનો તેના ઉપર આધાર રહેલો છે, અને ખાસ કરીને કોમનો અભ્યુદય પણ તેના ઉપરજ રહેલ છે. કોમનું ભલું ઇચ્છનારા તરફથી જરૂર પૂરતું કરવા માટે બનતા પ્રયત્નો કરવામાં આવે છે, પરંતુ જૈનકોમે કેળવણીની અને વ્યાપારની દૃષ્ટિએ તેઓનાં બાળકો કઇ સ્થિતિએ રહેલ છે તે જાણવાની જરૂર છે અને સાથે સાથે અત્યારે જૈનકોમમાં અપાતી કેળવણી કેટલી અસરકર્તા નીવડે છે, અને તે માટે બીજા પ્રયત્નો કરવાની જરૂર છે કે નહિ ? તે બાબતનો વિચાર કરવાની પણ જરૂર છે.

જૈનકોમમાં ભણેલાઓની સંખ્યા માટે છેલ્લા વસ્તીપત્રકના રીપોર્ટ ઉપરથી માલુમ પડે છે કે તેની ૬૪૩૫૫૩ની સંખ્યામાંથી ૩૧૮૫૮૫ એટલે કે લગભગ પચાસ ટકા લખી–વાંચી શકે તેટલા ભણેલા છે. સ્કુલમાં જઇ શકે તેટલી ઉમરના–પાંચથી પંદર વરસ સુધીની ઉમરના ૧૪૧૨૨૭ જૈનબાળકોમાં ૪૦૨૫૩ કેળવણી લે છે, એટલે કે ફક્ત ૨૮ ટકા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આખી હિંદુસ્તાનની વસ્તીના બાળકોમાં ભણનારાની સંખ્યા ૧૫ ટકા જેટલી છે, ત્યારે જૈનોના બાળકોમાં ભણનારાની સંખ્યા ૨૮ ટકા જેટલી છે, તે ઉચ્ચ જ્ઞાતિમાં ગણાતી જૈનકોમની ગણતરીને આભારી છે.

છેલ્લા વસ્તીપત્રકના રીપોર્ટ ઉપરથી જણાય છે કે પાંચથી પંદર વર્ષ સુધીની જૈનકન્યાઓની સંખ્યા ૧૨૬૩૧૩ છે, જેમાંથી સ્કુલમાં જતી કન્યાઓ ૯૯૨૨ એટલે કે લગભગ ૭ ટકા જેટલી છે. જ્યારે પ્રાથમિક સ્કુલોમાં ભણતી કન્યાઓની આટલી ઓછી સંખ્યા છે, ત્યારે માધ્યમિક અને ઉચ્ચ કેળવણીની સ્થિતિ જૈનકોમની સ્ત્રીઓમાં કેવી હશે તે સ્વત: સમજાય તેવું છે. ઉચ્ચ કેળવણી લેતી જૈનસ્ત્રીઓની સંખ્યાનો જુદો રીપોર્ટ નહિ હોવાથી તે બાબતમાં ચોકસ લખી શકાય તેમ નથી.

For Private And Personal Use Only

આખા હિંદુસ્તાનમાં જૈનોમાં બધી જાતની કેળવણી લેનારા કેટલા પ્રમાણમાં છે તે વસ્તીપત્રક ઉપરથી બરોબર સમજી શકાય તેવું નથી; પણ મુંબઈ ઇલાકામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ કેળવણી લેનારાની સંખ્યા સ્કુલો અને કોલેજોમાં કેટલી છે તેની કેળવણી ખાતાના અધિકારીઓ તરફથી મને માહિતી મળેલી હોવાથી તેના આંકડાઓ અત્રે હું જણાવી શકું છું. આખા હિંદુસ્તાનની જૈનવસ્તીમાંથી મુંબઈ ઇલાકામાં ૪૦ ટકા જેટલો ભાગ વસતો હોવાથી તે ભાગનું પ્રમાણ જાણવું પણ ઉપયોગી થઇ પડશે.

આ કોઠામાં આપ્યા પ્રમાણે જૈન વિદ્યાર્થીઓ સ્કુલમાં તે તે સાલમાં અભ્યાસ કરતા હતા.

| | પ્રાથમિક સ્કુલ. | માધ્યમિક સ્કુલ. | સ્પેશીયલ સ્કુલ. | કોલેજ. |
|---|---|---|---|---|
| ૧૯૧૪ | ૧૬૬૮૬ | ૨૦૯૩ | ૧૫૬ | ૧૮૭ |
| ૧૯૧૫ | ૧૭૦૬૪ | ૨૨૩૫ | ૧૫૯ | ૨૪૨ |
| ૧૯૧૬ | ૧૭૦૬૪ | ૨૩૨૩ | ૨૩૪ | ૧૯૨ |

આ આંકડાઓ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, પ્રાથમિક સ્કુલમાં અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓમાંથી ફક્ત ૧૨ થી ૧૩ ટકા વિદ્યાર્થીઓ માધ્યમિક સ્કુલમાં અભ્યાસ આગળ ચલાવે છે, ત્યારે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ફક્ત એકજ ટકા જેટલી આવે છે.

મુંબઇ ઇલાકાના દરેક પરગણાવાર આવેલ આંકડાઓ તપાસતાં પણ માધ્યમિક અને ઉચ્ચ કેળવણીની તેટલીજ સંખ્યા માલુમ પડે છે, તે ખરેખર ખેદની વાત છે. મુંબઇ ઇલાકામાં આપણી જૈનકોમ આગળ વધવાને બદલે ઘણીવાર પાછળ હડતી પણ માલુમ પડે છે. જુદા જુદા આંકડાઓ તરફ નજર ફેંકતા, કેળવણી દૃષ્ટિએ કોમની બહુજ ધીમી પ્રગતિ તરફ જોતાં અને માધ્યમિક અને ઉચ્ચ કેળવણીવાળી સ્કુલ અને કોલેજોમાં જૈનોની બહુજ અલ્પ સંખ્યાનો વિચાર કરતાં દરેક જ્ઞાતિહિતૈષીને અવશ્ય વિચારજ આવશે કે જો કેળવણીના કાર્યની વૃદ્ધિ થાય તેવી રીતે બહુ મજબુત પગલાં લેવામાં નહિ આવે, તો સાંસારિક તથા રાજકીય તેમજ કેળવણીની બાબતમાં બીજી મોટી અને અગ્રણી કોમોમાં જૈન કોમની ગણતરી થાય છે તે સ્થિતિ ભવિષ્યમાં ટકાવી રાખવી મુશ્કેલ થઇ પડશે. વિદ્વાન્ અને હિતચિંતક મનુષ્યોએ તાકીદે ગંભીરતાથી આ બાબત વિચારવા જેવી છે. માધ્યમિક કેળવણીજ કોમની પ્રગતિમાં વિશેષ સહાયભૂત થાય છે તે વાત અવશ્યમેવ ધ્યાનમાં રાખવાની છે. જૈનનાં બાળકોને કેળવણી ફક્ત વ્યાપાર તરફ દૃષ્ટિ રાખી તેટલા પૂરતીજ અપાય છે જે ખરેખર ખેદ ઉપજાવે તેવી બાબત છે. બીજી કોમો કરતાં માનસિક ઉન્નતિમાં જૈનકોમ પછાત પડતી જાય છે તેનું તેજ કારણ છે. જૈનકોમમાં વધતી જતી ગરિબાઈ, અપ્રમાણિકપણું વિગેરે તથા રૂઢિપ્રિયતા મા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના ઘણા કારણોમાં કેળવણીની ઓછાશ તે પણ એક કારણ છે; તેથી જૈનકોમના અગ્રેસરો અને ધનિકોએ તેમજ વિદ્વાનોએ તરતમાંજ તે સંબંધી પ્રયત્ન કરવાની અને વિચાર કરવાની જરૂર છે કે કોમની પ્રગતિ માટે કેવાં પ્રયત્નો કરવાં ? અને કોમ કેળવણીના વિષયમાં કેવી રીતે આગળ વધી શકે ? મને એવી આશા છે કે સાહૃદયી જૈન કેળવાયલાઓ જૈનકોમની પ્રગતિ થઇ શકે અને કેળવણીમાં તેની વૃદ્ધિ થાય તેવી જાતનો ઉત્સાહ લોકોમાં પેદા થાય તે માટે પ્રયત્ન કરવા અવશ્ય જરૂર જાગૃતિ લાવશે, અને તેવી બાબતમાં પાછી પડતી લાગતી જૈનકોમનો સત્વર ઉદય થશે.

**નરોત્તમ બી. શાહ.**

# स्फुट नोंध अने चर्चा.

અમારા વાચક બંધુઓના હાથમાં આ અંક આવશે ત્યારે વાર્ષિક પર્યુષણા પર્વ સંપૂર્ણ થયા હશે; દરેક વાચક બંધુએ યથાશક્તિ વ્રત નિયમાદિ તે પર્વમાં કર્યાજ હશે, સાથે કાષાયની શાંતિ માટે '**ક્ષમા યાચનાનો**' ઠરાવેલ નિયમ પણ સર્વેએ અમલમાં મૂકયો હશે. પ્રતિક્રમણમાં સાથે હોય તેને "સકળ સંઘને મિચ્છામિદુક્કડ" દેતાં, ગૃહે ગયા પછી કુટુંબી વર્ગને "બાર માસ, ચોવીશ પક્ષ, ૩૬૦ દિવસમાં જે કાંઇ બોલ્યા ચાલ્યા હોઇએ તેનો મિચ્છામિ દુક્કડ" દેતાં અને દૂર પરદેશમાં રહેલ સગા સંબંધીઓને પત્રદ્વારા 'ત્રિવિધે ત્રિવિધે ખમાવીને મિચ્છામિદુક્કડ' દેતાં સર્વે પાસે આખા વર્ષના દુષ્કૃત્યો માટે ક્ષમા યાચીજ હશે. આ ક્ષમા ખરા શુદ્ધ હૃદયથી માગવાની ખાસ જરૂર છે. તેવી રીતે શુદ્ધ અંતઃકરણથી ક્ષમા યાચવામાં આવે અને ક્ષમા આપવામાં આવે તો પછી આ સંસારમાં અરસપરસમાં દેખાતાં–અનુભવાતાં કલેશ કંકાસ ઘણેભાગે દૂર થઇ જાય અને ઘણાં કર્મનો પણ ક્ષય થઇ જાય. મોઢેથી બોલવા માત્રથીજ કાંઇ ક્ષમા અપાતી નથી. અંતરમાં દુભાયેલી લાગણીને વિસારી જવી, મનમાંથી રોષ કાઢી નાંખવો, પર્યુષણ જતાં ગતકાળની કષાયોત્પાદક વાતો ભૂલી જવી, મનને સરલ બનાવી કંકાસને સદંતર દૂર કરવો તેજ ખરૂં જરૂરનું અને ઉપયોગી છે આમ બને તોજ મુખેથી અગર પત્રદ્વારા ક્ષમા માગવાથી સરલતા થાય છે. '**क्षमा वीरस्य भूषणम्** ક્ષમા વીર પુરૂષનું ભૂષણ છે.' તદનુસાર ક્ષમા ધારણા તે સર્વનું ભૂષણ ઐહિક પારલૌકિક સુખ આપનાર, સંસારના ગહન રસ્તાઓ સરલ કરનાર છે. મહાન્ શાસ્ત્રવેત્તાઓએ તેથીજ પર્યુષણ પર્વમાં તે કૃત્યને સાંવત્સરિક પાંચ મુખ્ય કૃત્યોમાં એક મુખ્ય કૃત્ય તરીકે ગણાવ્યું છે. દરેક બંધુને ખરા અંતઃકરણથી ક્ષમા યાચવાની અને આપવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ. તે ગુણ આ લોકમાં શોભા વધારનાર, ધારણ કરનારને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોભાવનાર અને અંતરને શુદ્ધ કરનાર છે; અને પરોપકારમાં વિશેષ ઉત્કૃષ્ટ પદવી અપાવનાર અને અંતે મોક્ષ લઇ જનાર છે.

* * * * *

પર્યુષણ પર્વમાં અન્ય કૃત્યો ઉપરાંત "કલ્પસૂત્રશ્રવણ" તે ખાસ કરવાલાયક કર્તવ્ય જણાવેલ છે. ઘણા મનુષ્યોને પ્રશ્ન થાય છે કે 'વારંવાર કલ્પસૂત્ર સાંભળવાથી શું ફાયદો થવાનો હતો ?' કલ્પસૂત્રનીશરૂઆતમાં કહ્યું છે કે 'એકવીશ વખત ભાવપૂર્વક કલ્પસૂત્ર સાંભળવાથી તે પ્રાણી અવશ્ય મોક્ષે જાય છે.' આ હકીકત સત્ય અને બરાબર છે. કલ્પસૂત્રમાં જૈન ધર્મનાં મહાન્ પ્રણેતા અને ચરમ તીર્થંકરનું જન્મચરિત્ર તાદૃશ્ય વર્ણવવામાં આવ્યું છે. તે મહાત્માના જીવનની ક્રમાનુસાર કેવી રીતે ઉત્ક્રાંતિ થઇ ? ધીમે ધીમે ઉચ્ચ ઉચ્ચતર પગથીએ ચઢતાં છેવટે કૈવલ્યજ્ઞાન અને શાશ્વતપદ તેમણે કેવીરીતે પ્રાપ્ત કર્યું ? તે તે મહાત્માના પૂર્વ ભવના કથનથી અંત કથન સુધી વર્ણવીને તાદૃશ્ય વર્ણવવામાં આવ્યું છે. ખાલી ઉપદેશ દેવા કરતાં કથા સહિત અને તેમાં પણ આસન્નોપકારી ભગવંત મહાવીરની કથા સહિત જે ઉપદેશ દેવામાં આવે–જે મોક્ષસોપાન દેખાડવામાં આવે તે વધારે ઉપયોગી અને વધારે અસર કરનાર થાય છે. તે મહાત્માના આત્માની ધીમે ધીમે પ્રગતિ કેવી રીતે થઇ ? કેવા મહાન્ ગુણો તેમણે પ્રાપ્ત કર્યા? જરા પણ મિથ્યાત્વ સેવન થાય–ઉત્સૂત્ર બોલાય–મદ કરાય તો ભવિષ્યમાં–આગામી ભવોમાં પણ કેવું દુઃખ દીર્ઘકાળપર્યંત સહન કરવું પડે છે ? ધીમે ધીમે વિર્યોલ્લાસ કેવી રીતે વધે છે ? વિગેરે બાબતો બહુ ધ્યાનપૂર્વક તેમાં ચર્ચવામાં આવી છે. જે જે સ્થળો ઉપદેશાત્મક, અસર કરનારા, અનુકરણ કરવા યોગ્ય, જાણવા લાયક છે તેજ સ્થળો કલ્પસૂત્રમાં વર્ણવવામાં આવ્યા છે. આવો ઉપદેશાત્મક ગ્રંથ ધ્યાનપૂર્વક સાંભળી, તેમના ઉપદેશાનુસાર અને બાકી જીવનના તેમના વર્તનાનુસાર વર્તવામાં આવે તો સાંભળનાર અવશ્ય શિઘ્રમેવ કર્મ ખપાવી મોક્ષગામી થઇજ શકે તેમાં જરાપણ સંશય જેવું નથી. બાકી કેવળ ઉપાશ્રયમાં ઉપદેશ સાંભળી તેનું અનુકરણ કર્યા વગર ત્યાંજ ભૂલી જનારાઓ તે પ્રશસ્ત કાર્યમાં જેટલો વખત પ્રવૃત્તિ કરે તેટલોજ લાભ મેળવે છે. કલ્પસૂત્ર વાંચનારા પૂજ્ય મુનિમહારાજાઓને પણ વિનંતિ કરવાની કે બહુ ઉતાવળથી કાર્ય સંપૂર્ણ કરવાના હિસાબથીજ માત્ર કલ્પસૂત્ર નહિ વાંચતાં સાથે સાથે જે જે બોધ લેવા લાયક સ્થળો આવે તે તે સ્થળો ઉપર ટુંકાણમાં વિવેચન કરવા પૂર્વક શ્રોતાજનોનું જો તે સાહેબો લક્ષ ખેંચશે તો તેમનું કલ્પસૂત્રવાંચન વિશેષ ઉપયોગી, આલ્હાદક અને ઉપકારક થશે.

* * * * *

વડોદરેથી પ્રગટ થતા માસિક 'પ્રાતઃકાળ'ના અધિપતિએ તેના જ્યેષ્ઠ માસના અંકમાં "બે પ્રકારના મનુષ્યો" તે મથાળા નીચે તેના પ્રત્યેક વાંચકને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક જરૂરી પ્રશ્ન પૂછ્યો છે. અમને પણ તે પ્રશ્ન બહુ ઉપયોગી અને વિચારવા લાયક જણાવાથી તેજ માસિકના શબ્દોમાં અમારા વાંચક બંધુઓને તેજ પ્રશ્ન પૂછીએ છીએ, અને જરૂર જણાય તો સ્વજીવન–વ્યવહારમાં તેટલા પૂરતો ફેરફાર કરવા પ્રત્યેકને સૂચના કરીએ છીએ. તે લેખક કહે છે કે:–" આ જગત્‌માં બે પ્રકારનાં મનુષ્યો જોવામાં આવે છે. એક પ્રકારનાં મનુષ્યો એવાં હોય છે કે તે જેને મળે તેની સાથે પરમાર્થનીજ વાર્તા કરે છે, છતાં તેમનાં હૃદય કેવળ વ્યવહારિકજ હોય છે, તેમના હૃદયમાં અખંડ આ જગત્‌ના કાંઈ કાંઇ વ્યવહારનુંજ ચિંતન ચાલતું હોય છે; છતાં તે પોતાને જ્ઞાની માને છે. આ પ્રમાણે પોતાને જ્ઞાની માનવામાં બે કારણ હોય છે; કાંતો તે પોતાના મનથી ઠગાતા હોય છે તેની તેમને ખબર હોતી નથી; અથવા તો તે પોતાના હૃદયને જાણતા હોય છે છતાં જગત્‌ને તે જૂદુંજ જણાવવાનો પ્રયત્ન કરે છે.

બીજા પ્રકારનાં મનુષ્યો કેવળ વ્યાવહારિક જણાય છે. તે અખંડ વ્યવહાર કરતા જોવામાં આવે છે, છતાં તેમનું મન જૂદુંજ કાર્ય કરતું હોય છે. તે આ ( જગતની ) બાહ્ય પ્રવૃત્તિથી અસ્પૃષ્ટ હોય છે, અને તેમનો ધ્યેય ઉપરથી જણાય છે તેવો નથી હોતો, પણ જૂદોજ હોય છે; તાત્પર્ય કે આ મનુષ્યો સાચા જ્ઞાની હોય છે, અથવા જ્ઞાનના સાચા ઉપાસક હોય છે.

આ બે પ્રકારનાં મનુષ્યોમાં તમારી ગણના કયા પ્રકારમાં થાય છે તેનો નિવૃત્તિથી એકાંતમાં વિચાર કરી જોજો; અને તમને એમ જણાય કે તમે જગત્‌ને ઠગો છો, અથવા તો તમારા મનથી તમે ઠગાઓ છો, તો આ ક્ષણથીજ સાવધાન થઇ જજો."

* * * * *

મહાત્મા શ્રી હીરવિજયસૂરિ તથા તેમનાં શિષ્યો **વિજયસેનસૂરિ** અને **ભાનુચંદ્ર ઉપાધ્યાય** સમ્રાટ્ **અકબરના** રાજ્યકારભાર પ્રસંગે તેમની ઉપર ધાર્મિક અસર કરનારા અને અકબરની વિદ્વાનોની સભામાં બેસી ધર્મચર્ચા કરનારા હતા કે નહિ? હિરવિજયસૂરિએ અકબર ઉપર પ્રભાવ પાડ્યો હતો કે નહિ? તે બાબતમાં ઇંગ્લીશ લેખક **બ્લેકમેન** તેના અકબરના વખતના ઐતિહાસિક નોંધમાં કાંઇ પણ ઉલ્લેખ કરતા નથી. રા. કેશવ. હ. શેઠ "**સાહિત્ય**" ના બે અંકમાં આ બાબત ઉપર વિશેષ અજવાળું પાડવા લખે છે કે 'તે મહાત્માઓનાં નામો 'આઇન. ઈ. અકબરી' જે બુક અકબરના સમયમાં અબુલ–ફઝલ નામના તેના વિદ્વાન્ પ્રધાને લખી છે, તેમાં પણ આપેલાં છે. "આઇન. ઇ. અકબરી" નું ૩૦ મું પ્રકરણ "**તે કાળના મહાન્ પુરૂષો**" ને લગતું છે. તેમાં કેટલાક પુરૂષોની નામાવળી ગોઠવાયેલી છે. તે નામાવળી પાંચ શ્રેણિમાં છે. તેમાંની પહેલી શ્રેણિમાં જેઓ આલોક, પરલોક ઉભયનાં રહસ્યોથી પરિચિત હતાં તેવાં ૨૧ વિદ્વાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુરિઓના નામ આપેલાં છે. પ્રથમ બાર મુસલમાનોનાં નામ આપ્યા પછી ખાસ કરીને ૧૬ મા નામમાં હીરવિજયસૂરિની ઓળખાણ અપાયેલી છે. જેઓ પ્રત્યક્ષ શાસ્ત્રના જ્ઞાતા હતા તેઓના નામો પાંચમી શ્રેણીમાં મુકેલા છે; તેમાં ૧૦૦ થી ૧૪૦ નંબર છે. તેમાં બે નામો સિવાય બીજા બધા મુસલમાનોનાં નામો છે. તે બે નામો તે અનુક્રમે **વિજયસેનસૂરિ** અને **ભાનુચંદ્રસૂરિ** ( ઉપાધ્યાય ) નાં છે.' સાંપ્રત કાળનાં અપૂર્ણ ઇતિહાસોમાં આવાં પ્રસંગો લેવાયેલા નથી. હાલના કહેવાતા ઇતિહાસોમાં એ સમ્રાટનું માત્ર સંક્ષિપ્ત જીવન અને તેનાં કાર્યોનુંજ દિગ્દર્શન કરેલ છે. પણ આવા મહાત્માઓનાં નામો, કે જેઓ અકબરના ઇબાદતખાના ( ધર્મચર્ચા-ભવન) માં અને ફત્તેહપુરસિક્રિના ખાસ દરબારમાં જે ધાર્મિક વાટાઘાટો હમેશાં ચાલતી તેમાં ભાગ લેતા તેના નામો મૂકી દેવામાં આવ્યા છે. મહાત્મા હીરવિજયસૂરિના ઉપદેશથી સમ્રાટ અકબર ઉપર બહુ અસર થઇ હતી. “ શહેનશાહ અકબરના હૃદય ઉપર તે કાળના જૈનાચાર્ય હીરવિજયસૂરિએ કેવો પ્રભાવ પાડ્યો હતો ” તે ઉપર સ્મિથ સાહેબે તેની **અકબર** નામની બુકમાં બહુ વિસ્તારથી વિવેચન કરતાં લખ્યું છે કે:–“ અકબરને માંસાહાર ઉપર નજીવી જ રૂચિ રહેતી, અને તેમણે પોતાની ઉત્તરાવસ્થામાં જ્યારથી જૈનોના સહવાસમાં આવ્યા ત્યારથી તો માંસાહાર છોડીજ દીધો હતો. ” રા. શેઠના “ સાહિત્ય ” માસિકનાં એપ્રીલ અને જુનના અંકમાં આવેલા લેખો ઉપયોગી, વાંચવા લાયક, અને તે વખતના ઇતિહાસ ઉપર સારૂં અજવાળું પાડનારા છે. અમે જૈનબંધુઓને તે લેખો વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ.

*   *   *   *   *

જ્યારે લેખક લેખ લખવા બેસે છે ત્યારે મગજની ધુન પ્રમાણે દોરાઇ જવાથી હું શું લખું છું તેનું તેને ધ્યાન રહેતું નથી તેવું ઘણીવાર જોવામાં આવે છે. કોઇ લેખકે મરજી પ્રમાણે પોતાના અંતરની ખરેખરી હલકી વૃત્તિ અને શ્રદ્ધાનો અભાવ દેખાડવા ગમે તેવું લખી મોકલ્યું હોય તો અધિપતિએ દાખલ કરવુંજ જોઇએ તેવો કાંઇ નિયમ નથી. આમ છતાં હાલના ‘ જુન ’ માસના ‘ કચ્છી–જૈન મિત્ર ’ માં રા. સૈલાની નામના લેખકે એક બહુ વિચિત્ર, વાંચતાં ખેદ ઉપજાવે તેવો લેખ લખ્યો છે અને અધિપતિએ તે બહાર પાડ્યો છે તેથી અમને બહુ નવાઇ લાગી છે. લેખકે લેખનું મથાળુંજ વિચિત્ર રીતે બાંધ્યું છે. લેખક મહાશય શ્રાવક ભાઇઓ ઉપર જાણે કે અનુકંપા દર્શાવતા હોય, જાણે કે જૈન કોમ બધી ઉંધે રસ્તેજ દોરાઇ જતી હોય તેમ લેખને મથાળે લખે છે કે:–“ ભાવના ભૂખ્યા અને ધર્મના હડ-કાયા શ્રાવકોની હડહડતી શ્રદ્ધાનો ચિતાર. ” આ મથાળું વાંચતાંજ સહૃદય વાંચકોને તો ખેદ થાય તેવું છે. આગળ ઉપર તે લેખક મહાશય પોતાની વિદ્વત્તાનો ઝાંપુરીશ દેખાડતા લખે છે કે–“ આત્મબંધુઓ અને સુજ્ઞ બાગીનીઓ ! આર કયાયે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા સ્વાર્થપ્રપંચની અનેક દુષ્ટ કલ્પનાઓથી ઓતપ્રોત ભરેલા મહાન્ હૃદયે યાત્રાઓ કરવાથી, દેવોના દર્શન કરી પગના તળીઆઓ ઘસાવાથી, ઉપવાસો કરી કરી શુંદરની સાળડીનું સત્યાનાશ કાઢવાથી, મંદિરોમાં પ્રભુપૂજનાર્થે કેશર કસ્તુરીના ઘોળેલા કટોરાના કટોરાઓ ખલાસ કરવાથી, સાંભળવાનું અજીર્ણ થાય ત્યાં સુધી ગુરૂનાં વ્યાખ્યાનો સાંભળવાથી જે પુણ્ય પ્રાપ્ત કરશો તેના કરતાં ‘ કોઇએક અનાથ, નિરાશ્રિત, દુઃખી બાળકને ‘ નિઃસ્વાર્થ બુદ્ધિથી ’ અન્નદાન અને વિદ્યાદાન આપી, નીતિને માર્ગે ચઢાવી, પોતાની આજીવિકા મેળવવા જેટલો સમર્થ બનાવવામાં અસંખ્યાત ગણું પુન્ય પ્રાપ્ત કરશો. ” આ પેરામાં પછવાડેના વિભાગ માટે અમારો વાંધો છેજ નહિ; પણ શરૂઆતની હકીકત જે શબ્દોમાં લખવામાં આવી છે–નિંદવામાં આવી છે, લગભગ નકામા જેવી દર્શાવવામાં આવી છે તેથી અમને બહુ ખેદ થાય છે. લેખક મહાશય ભૂલી જાય છે કે અનાથ, નિરાશ્રિત, દુઃખીને અન્નદાન તથા વિદ્યાદાન આપવાની સમજણજ તેવાં કાર્યો કરવાથી આવે છે. દેવપૂજા, મંદિરગમન, ઉપવાસ, ગુરૂ સમિપ જ્ઞાનશ્રવણ, યાત્રા પર્યટન વિગેરે કૃત્યો મનુષ્યની કસોટી કરાવનારા, તેને સાચો રસ્તો દેખાડનારા છે; બાકી ધર્મશ્રદ્ધા રહિત મનુષ્યો તો બંને પ્રકારથી ચ્યુત થતાજ ઘણીવાર માલુમ પડે છે. આવા લેખો લખવાથી અને પ્રસિદ્ધ થવાથી કોમનું શું શ્રેય થાય ? તેની અમને ખબર પડતી નથી. કદાચ કોઇ બાબત લેખકને રૂચતી ન હોય તો સારા શબ્દોમાં તે કયાં જણાવાતી નથી, કે જેથી આવા “ ભાવના ભૂખ્યા–હડકાયા ” વિગેરે કલેશજનક શબ્દો વાપરવાની તેમને જરૂર પડી. આવા લેખો લખતાં લેખકે અને દાખલ કરતાં અધિપતિઓએ બહુ વિચાર કરવાની જરૂર છે. આ સંબંધમાં અમારા શ્રાવણ માસના અંકમાં આપેલ ‘ સંત–સાધુ જનોના મુખમાં કેવાં વચન શોભે ? ’ એ લેખ વાંચવા કૃપા કરવી અને તે લેખના મથાળાની ગાથા બરાબર કંઠે કરી તેના રહસ્યનું મનન કરવું.

* * * * *

નવીન જમાનામાં ઉછરેલા યુવકો એમજ સમજે છે કે ‘અમારે વૃધ્ધોનું–નેતાઓનું શું કામ છે ? તેઓ વિના કયાં ચલાવી શકાય તેમ નથી ?’ તેઓ ઘણી વખત તિરસ્કારની દૃષ્ટિથી ઘરડાઓ–વડીલો–વૃધ્ધો–પૂર્વકાળના નેતાઓ તરફ જુએ છે, પરંતુ નવીન વિચારકોએ અને યુવાનોએ તેમની સાથે રહી કાર્યો કરવાની કેટલી જરૂર છે તે બાબતમાં એક ઉપયોગી નિબંધ જુલાઇ માસના ‘ સાહિત્ય ’ માં બહાર પાડેલ છે. જૈન કોમમાં પણ આવું સંઘટ્ટન ઘણી વાર થતું હોવાથી તે લેખકના શબ્દો વિચારવા લાયક–અનુકરણ કરવા લાયક હોવાથી અત્રે ટાંકીએ છીએ. લેખક લખે છે:–“ હિંદુસ્તાન દેશની ઉન્નતિ એકલે હાથે થવાની નથી. એક ભાગ આગળ વધે, બીજો ભાગ અંધારામાં ફાંફાં મારે તો સમગ્ર દેશનો કેવી રીતે ઉદય થશે ? નવા વિચારો એકદમ લાગુ પડવાથી દેશમાં સર્વત્ર અશાંતિ પથરાશે, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



...વી મનોવાંછના તમારા મનમાંજ સમી જશે. જુના રીતરિવાજોને માંન આપો, ...પરિણામ શું આવશે ? દશાનો અનુભવી અને વૃદ્ધવર્ગ તમારા તરફ સંતોષ- ...જોશે, અને તેનો આત્મા તમારા દરેક કાર્યમાં સ્નેહભરી આશીષ આપશે. ...ની નિઃસ્વાર્થ લાગણી એજ આપણું અહોભાગ્ય સમજવાનું, અને ત્યારેજ આપણું ...વીથી પ્રગતિને પંથે પડશે. જે સ્થળે વૃદ્ધ અને નેતાવર્ગની અનુભવી શિ- ...ખામણો તુચ્છ દૃષ્ટિથી મપાય છે, ત્યાં નથી દેખાતો ઉદય, કે નથી દેખાતું ગંભીરત્વ.

વળી જુના રીતરીવાજો જ તમને ઉન્નતિની ટોચે પહોંચાડશે એવો મારો ...વિશ્વાસ નથી. સમય અને સ્થાન ધ્યાનમાં લઇ એમાં સુધારો કરો. એનું પરિ- ...ણામ શું આવશે ? રંગેરગમાં નવીન વસ્તુ માટે વ્યાપતું લોહી નવા વિચારના યુવા- ...નોના આત્માને આશાના પંથો દેખાડશે. આ પ્રમાણે ઉભય વર્ગ સાથે રહી કાર્ય કરશો તો તમે શિઘ્ર પ્રગતિ કરી શકશો." કોમ અને ધર્મનું કાર્ય કરવા ઇચ્છનારા યુવાનો અને વૃધ્ધો–સર્વને આ બાબત વિચારવા લાયક છે. અમે તે બાબત તરફ સર્વેનું લક્ષ ખેંચીએ છીએ, અને સર્વત્ર સાથે–એકઠા રહી કાર્ય કરવાની વિજ્ઞપ્તિ કરીએ છીએ.

* * * * *

મુનિરાજ શ્રીજિનવિજયજી હાલમાં કેટલોક ઐતિહાસિક અભ્યાસ કરવા પુના- માં રહેલા છે. પુનાની પ્રવૃત્તિ જોઇ જૈન કોમની હાલની સ્થિતિ ઉપર તેઓ અમારા ઉપરના એક પત્રમાં બહુ ખેદ દર્શાવે છે. તે પત્ર ખાસ ઉપયોગી, અને જૈનોની પ્રગતિ- માં સાધનભૂત બને તેવો હોવાથી અમે અત્રે અમારા વાંચકોને અને અન્ય જૈન બંધુ- ઓને તે ઉપર વિચાર કરવામાટે પ્રગટ કરીએ છીએ. પત્રમાં પ્રસંગોપાત તે મહાત્મા લખે છે કે:–" દ્રવ્ય આપણી કોમમાંથી જેટલું ખર્ચાય છે તેટલું ભાગ્યેજ બીજી કોઇ કોમ ખર્ચતી હશે, પરંતુ યોગ્યાયોગ્ય રીતિનો વિચાર બહુ કરવામાં ન આ- વતો હોવાથી પરિણામમાં આપણને શૂન્યજ ઘણાભાગે જોવામાં આવે છે. અહીં આવ્યા પછી મ્હેં અત્રેની કેટલીક સંસ્થાઓ જોઇ તથા તેમના કાર્યવાહકોની મુ- લાકાતો લીધી, તે ઉપરથી મ્હને ઘણું જાણવાનું મળ્યું છે. એ લોકોનો સ્વાર્થત્યાગ, કાર્ય કરવાનો ઉત્સાહ અને તેની પદ્ધતિ જોઇ વિસ્મય થવાય છે. એકલું પુના શહેર આજે આખા હિંદુસ્થાનને ગજાવી રહ્યું છે, અને હિંદી સરકારને ધ્રુજવી રહ્યું છે, તેનું કારણ આ રીતેજ અલ્પ દ્રવ્યમાં અનુપમ કાર્ય કરવાની એક પ્રકારે એ લોકોની ...ની આમોઘ કળાજ છે. સંખ્યાબંધ ગ્રેજ્યુએટો અને પ્રોફેસરોએ પોતાના નિર્વાહ પૂરતું દ્રવ્ય લઇ સમગ્ર જીંદગી લોકહિતનાં કાર્યોમાં સમર્પણ કરી દીધી છે. દિવસે ...દિવસે નવી પ્રવૃત્તિ અને નવી સંસ્થાઓ ઉત્પન્ન થતી જાય છે અને એકબીજાની ...માં આગળ આગળ વધતી જાય છે. આપણને હજુ એક બોર્ડીંગ ચલાવવા ...કે એક પાઠશાળા વ્યવસ્થિત રાખવા માટે ભરપૂર પગાર આપવા છતાં પણ ...લાયક સુપ્રીન્ટેન્ડન્ટ કે માસ્તર મળી શકતો નથી, ત્યારે અહિં તેવા માણસોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે કાર્યક્ષેત્રની સંકુચિતતા ભાસે છે. જૈનસમાજની વર્તમાન પરિસ્થિતિ બહુજ ચિંતાજનક ભાસે છે. પ્રજાત્વની દૃષ્ટિએ તેમાં જીવન જરાએ નથી. ભારતની બીજી પ્રજાઓ આગળ આપણું વર્ચસ્ ઘણુંજ ઘટી ગયું છે, દિવસે દિવસે તેની ક્ષીણ દશા વધારે ક્ષીણતા પામતી જાય છે. જે પ્રજામાં રાષ્ટ્રીય દૃષ્ટિએ ચૈતન્યજ જણાતું નથી, તે પ્રજા જગત્‌માં વધારે વાર ટકી શકતી નથી એ ઐતિહાસિક સત્ય છે. શ્રીમંતાઈ કે સંખ્યાબાહુલ્ય કશું કરી શકતું નથી. પોતાનું જીવન ટકાવી રાખવા માટે વર્ચસ્ જોઇએ. આપણે અત્યારસુધી ટકી રહ્યા તેનું કારણ એ વર્ચસ્‌જ છે. ગત સો વર્ષોથી આપણામાંથી વર્ચસ્ અદૃષ્ટ થતું જાય છે. અંગ્રેજી રાજ્યના ઉદય સાથે જૈનપ્રજાનો અનુદય આરંભાયો છે, આ એક વિલક્ષણ પરંતુ ગંભીર ગૂઢ છે. વર્તમાન સમય જગત્‌ના સૂક્ષ્મ દૃષ્ટાઓને ઘણોજ ભયંકર ભાસી રહ્યો છે. દરેક દેશ અને દરેક પ્રજાની ઉપર અદૃષ્ટ આફત ઝઝુમી રહી છે, અને તેમાંથી બચવા–જીવવા માટે તે તે દેશના અને પ્રજાના સંરક્ષકો જીવતોડ પ્રયત્ન કરી રહ્યા છે, ત્યારે આપણે જાણે જગત્‌માંજ ન વસતા હોઇએ તેવી રીતે નિશ્ચિંત ઉંઘી રહ્યા છીએ, એ સ્થિતિ ઘણી ભયંકર છે. પ્રસંગ વીત્યા પછી બહુ પ્રયત્ન પણ અલ્પ ફળ આપી શકતું નથી. આપણી કોમના હિતચિંતક પુરૂષો આપણને આજે મળવા દુર્લભ થઇ પડ્યાં છે; ભાવી પ્રજામાંથી તેવા ઉત્પન્ન થશે કે કેમ એ પ્રશ્ન ગુંચવણ ભર્યો છે–મ્હોટી નિરાશા આપે એવો છે. ધાર્મિક વાતાવરણ ઘણુંજ ક્ષુબ્ધ થયેલું છે, અનેક પ્રયત્નો કરવા છતાં પણ તેમાં સ્થિરતા આવશે કે કેમ એ અનિશ્ચિત છે. સમાજને કોઇ યોગ્ય દિશા બતાવનારનથી, સમાજનો પણ કોઇમાં પૂર્ણ વિશ્વાસ નથી, સમાજના જીવિતની ચિંતા કરનાર સુદ્ધાં કોઇ દેખાતો નથી. પરસ્પરની અસહિષ્ણુતા અને અપ્રીતિ પ્રબળ થતાં જાય છે, આવી સ્થિતિમાંથી જાગૃત થવાની બહુ જરૂર છે. વખત છેવટનો આવી પહોંચ્યો છે; માટે આગેવાન વિચક્ષણ ગણાતી વિરલવ્યક્તિઓએ હવે ઘણીજ ત્વરાથી વિચાર કરવાની આવશ્યકતા છે; સંકુચિત દૃષ્ટિ છોડી, મતભેદોને બાજુએ મૂકી બીજાની વાટ ન જોતાં જેટલું બને તેટલું પણ સમાજમાં ચૈતન્ય જાગૃત થાય, ભાવી પ્રજામાં પોતાના પ્રજાત્વની અને સાથે સાથે દેશની દાઝ હૃદયમાં પ્રકટે તેવા પ્રયત્નો કરવાની આવશ્યકતા છે. પ્રજામાં જીવન હશે તો ધર્મની કિંમત કરાશે. પ્રજાના જીવન વિના ધર્મની કાંઇ પણ કિંમત રહેશે નહિ; દુનિયામાંનો કોઈપણ ધર્મ રાષ્ટ્રિય સહાનુભૂતિ વિના ટકી શકયો નથી. જૈનધર્મના ઇતિહાસનું અલ્પસ્વલ્પ મેં નિરીક્ષણ કર્યું છે, તેમાં મ્હને તેજ તત્ત્વ દેખાઇ આવે છે. જે પ્રજાની રાષ્ટ્ર ઉપર સત્તા તે પ્રજાના ધર્મની પણ પ્રભુતા. નિઃસત્ત્વ સમાજનો ધર્મ પણ નિઃસત્ત્વજ સમજવો. " જૈન કોમના ઉદયમાં પ્રેમ ધરાવનાર દરેક સુજ્ઞ બંધુએ આ પત્ર મનનપૂર્વક વાંચવા લાયક–વિચારવા લાયક અને તેમાંથી શકય હોય તેટલી પ્રવૃત્તિ અમલમાં મૂકવા લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થૂલભદ્ર ચરિત્રમાં કોશા વેશ્યા ધર્મ પામ્યા પછી તેની પાસે નંદરાજાનો [illegible] રથકાર આવે છે કે જે ધનુષ્યકળામાં બહુ કુશળ હતો. તેણે પોતાની કળા બતાવ્યા પછી તેની પાસે કોશાએ સરસવના ઢગલા ઉપર સોય મૂકી તેના પર ફુલ મૂકી તેના પર નાચ કર્યાની હકીકત આવે છે. તે કેટલાક શ્રોતાઓના મનમાં અતિશયોક્તિ ભરેલી લાગે છે, પરંતુ ઓગષ્ટ માસનાં વીશમીસદીના અંકમાં [illegible] ( નૃત્યકી ) ના સંબંધના લેખમાં પૃષ્ઠ ૪૩૦ મે લખે છે કે–" લખનૌના પ્રખ્યાત કાલકા, બિંદા નામના બે ભાઈઓ ફર્સપર પતાસાં પથરાવી તે પર નાચતા હતા; અને એક પણ પતાસું ફુટે નહિ એવી તેમના કેળવાયલા પગની ગતિ હતી. આ બેમાંનો એક કળાવિધાયક હજુ લખનૌમાં વિદ્યમાન છે. હિંદુસ્થાનમાં આ સર્વ નાચનારને ટક્કર મારે એવો કળાવિદ તો મી. તિવારી છે. મી. તિવારીએ નૃત્યકળામાં અદ્‌ભુત વિસ્મયાવહ નિપૂણતા મેળવી છે. તે કાચના ટુકડા ચોડેલી દીવાલપર ને તરવારપર નાચ કરે છે, એટલુંજ નહીં પણ પાણીના ભરેલા હોજપર થોડીક મીનિટ નાચ કરી પ્રેક્ષકોને હેરત પમાડે છે."

જ્યારે હાલ પણ આવી રીતે નાચ કરી શકે છે, તો આજથી બે હજાર વર્ષ આગાઉ જ્યારે તે કળા વધારે ઉચ્ચ સ્થિતિમાં હતી ત્યારે કોશા વેશ્યા ઉપર પ્રમાણે નાચ કરી શકે તેમાં આશ્ચર્ય જેવું નથી. આ હકીકત આધુનિક સ્થિતિનેજ સત્ય માનનારાઓ માટે લખવાની જરૂર પડી છે.

* * * * *

**વીશમી સદીના** તેજ અંકમાં પૃષ્ઠ ૩૪૭ મે ' **સરએડવીનના કેટલાક** વિચારો ' એવા પેટા મથાળા નીચે લખે છે કે–" પશ્ચિમની પ્રજાઓ સન્મુખ પૂર્વની ભાવનાઓ અને વિચારો બને એટલા સત્યસ્વરૂપમાં સ્હમજાવવા સર એડવીને સ્તુત્ય પ્રયાસ કર્યો હતો. એક સમયે ત્હેમનાં કેટલાક મિત્રો આગળ એમણે કહ્યું હતું કે–" જે સર્વ દૃષ્ટ પદાર્થો છે તે અનિત્ય છે. અને જે પદાર્થો અને તત્ત્વો અદૃષ્ટ છે તે સઘળા શાશ્વત છે. આવું જે સેંટપોલે કહ્યું હતું તે અહીંની (પાશ્ચાત્ય) પ્રજા તેનાજ પવિત્ર ગણાતા પુરૂષો પણ સ્વીકારતાં અચકાય છે, જ્યારે હિંદુસ્થાનમાં તેમજ પૂર્વની પ્રજામાં આવા વાક્યો અને વિચારો એક ઘરગથ્થુ અને તદ્દન સામાન્ય છે. ત્યાંની પ્રજા પૂર્વ જન્મના ફળ તરીકે વર્તમાન જન્મને સ્વીકારે છે. અને એક વિધવા પુનર્લગ્ન નથી કરતી તેનું કારણ તે તેના પોતાના પૂર્વભવના કર્મોનું પાપ ફળ ( પ્રાપ્ત થયાનું ) સ્હમજે છે, તે છે."

આ વાક્યો ને વિચારો પુનર્લગ્નની હિમાયત કરનારે લક્ષપૂર્વક વાંચવા જેવા છે. તે સાથે પાશ્ચાત્ય વિદ્વાનો પણ ખરી હકીકત સમજે છે ત્યારે કેવા દુરાગ્રહ છોડી દઈને તેઓ તેનો સ્વીકાર કરે છે તેનો ખ્યાલ કરવાનો છે.

For Private And Personal Use Only